अनन्य परिवर्तन

vitraag vigyaan

March 2015, Mumbai
Volume 5, Issue 2



પેટરબારમાં ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જયંતમુનિ તથા અન્ય સાધુ-સાધ્વીજી મ.સા. સાથે પ.પૂ. શ્રી પ્રેમઆચાર્યજીનું અપૂર્વ મિલન.







અનુક્રમણિકા

પત્રોની પાંખે ૩

વેલેન્ટાઈન શિબિર - જમશેદપુર આધ્યાત્મિક ઉજવણી ૬

ભક્તિમાર્ગનું રહસ્ય ૯

पूज्यश्री की अमृतवाणी १५

The Master's Voice २०

અર્વાચીન જૈન જ્યોતિર્ધરો ૨૩

પેટરબારમાં મહાત્માઓનું અપૂર્વ મિલન ૨૬

જૈન ધર્મનો પગથાર ૨૯

एक प्रेरणात्मक सत्य कथा ૩૦

બાર ભાવના ૩૨

પ્રશ્નોત્તરી ૩૫

મેરા યોગદાન - ગૌરવ ૩૭

અખાના છપ્પા ૩૯

સોહામણું સત્ય ૪૧

પ્રેરક પ્રસંગ ૪૪

The Reader's Forum ૪૫

તત્ત્વ પહેલી ૪૭

Health To Happiness ૪૮

Forthcoming Events ૫૦

From Us... to You ૫૧

ઉત્તમ દાન - 'જ્ઞાનદાન' ૫૨

Editorial

માર્ચ મહિનો એટલે વેપારી વર્ગ માટે જૂના ચોપડા પૂરા કરી નવો હિસાબ માંડવાનો સમય. વેપારીની આ વિશેષતા છે કે એ વર્ષમાં એકવાર આખા વરસના જમા - ઉધારનું સરવૈયું માંડે જ... શું આપણે આપણા કર્મના ચોપડાનું સરવૈયુ ક્યારેય માંડ્યું છે ? જૂનું લેણું ચૂકવ્યું છે ? કે પછી માત્ર આવક જ વધારી છે ? ખરેખર વિચારવા જેવું છે.

આજ વાત એકત્વભાવનામાં પ્રકાશમાન થાય છે. સંસારમાં જે આપણા ઋણાનુંબંધીઓ છે એમનું લેણું ચૂકવી દઈ, નિજ આત્મસ્વરૂપમાં રમણતા કરવાની છે. જો આત્મતત્વની સાચી ઓળખાણ થઈ જાય તો પછી પરભાવનું કર્તૃત્વ રહેતું નથી. બારભાવનામાંથી આ એકત્વભાવના ભાવવાથી આત્મનિર્ભરતા ઉત્પન્ન થાય છે.

અનંતકાળથી કર્મબંધ કરી કરજ વધારતા જ ગયા છીએ. હવે જ્ઞાની પરુષ મળી જતાં અનંતકર્મથી છૂટવાનો રસ્તો મળી ગયો છે. દેહધારી પરમાત્મા એ જ હરિ છે એવી શ્રદ્ધા જ્યારે હૃદયના ઉંડાણથી થાય ત્યારે જ મુક્તિનું રહસ્ય જીવને પ્રાપ્ત થાય છે. જ્યાં આવી શ્રદ્ધા છે ત્યાં પ્રેમ પણ છે.

પરમાત્મા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા જમશેદપુર સેન્ટર તરફથી આ વર્ષે વેલેન્ટાઈન શિબિરની ઉજવણી કરવામાં આવી હતી. 'ઈશ્વરનું બીજું નામ પ્રેમ' એ વિષયને આવરી લઈ પૂજ્યશ્રીએ પરમ સત્સંગનો લાભ હાજર રહેલા મુમુક્ષુઓને આપ્યો હતો. આ શિબિરનો વિશેષ અહેવાલ આ અંકમાં આપ્યો છે.

આ સિવાય નિયમિત કોલમો અને રસપ્રદ અહેવાલો સાથે પૂજ્યશ્રીના એક વચનને સતત મમળાવીએ, ''હું આત્મા છું. મારે મારા આત્માને પરિભ્રમણથી બચાવવો છે.''

પત્રોની પાંખે



નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

(ગયા અંકથી ચાલુ...)

અર્પણતા ભગવાનને, ગુરુને કરવાની છે. અંતરપટ તેમનાથી કંઈ ન જોઈએ. બાકી સંસારમાં ગંભીર રહેવાનું છે. કોઈની વાત (સંસાર લક્ષી) કોઈને કારણ વગર ન જણાવવી. પોતાના ગુણોનો ઢંઢેરો ન કરવો તેમજ દોષો હોય તો ''મારા ઘણા દોષ છે; મારામાં આ વિશિષ્ટ દોષ છે,'' વિગેરે વારંવાર ઘણાને જણાવવાની જરૂર નથી. આ દુનિયામાં દોષ વગરનો એક માનવી મળે તેમ નથી. માનવી તો માનવી, પૂર્વ ભવોમાં ભગવાન, કેવળી, તીર્થંકર આદિ દોષથી ભરેલા જ હતાં. જીવમાં દોષ હોય તે આશ્ચર્ય નથી, કોણ કેટલી જલદી દોષોથી નિવૃત્તિ કરે છે તે અગત્યનું છે. શ્રી શ્રેણિક આવતી ચોવીશીમાં મહાપદ્મ તીર્થંકર થશે અને અત્યારે ક્યાં? તો કે નરકમાં. કંઈ ઓછા દોષો હશે ભાવી તીર્થંકરના શ્રી શ્રેણિક રાજાના ભવમાં. બસ આમ બળ લ્યો. ઉઠો, જાગો અને પુરુષાર્થ ઉપાડો, તમારી વારે વાર છે. સમકિત બિચારું તમારી જાગૃત થવાની વાટ જોઈને બેઠું છે. દોષવાળા છીએ તો ભાવો ખંખેરી નાખી અને સત્‌પુરુષાર્થ ઉપાડો. બીજી વાત સમજવા જેવી, આપણા કરતાં ભગવાનની શક્તિ વધારે છે કે નહીં? એકવાર આપણે તેના થઈ જઈએ અને તે આપણને સ્વીકારી લ્યે પછી તો એમના સત્‌ સામે આપણા દોષોની શક્તિ કેટલી, સામર્થ્ય કેટલું? માટે દોષોનો લાંબો વિચાર બાજુએ રાખી આપણે બધાએ ભગવાનને રાજી રાખવાનો પ્રયત્ન પુરુષાર્થ કરવો જોઈએ.

પ્રેમ-શ્રદ્ધા અને અર્પણતા સમજાણી કે જ્ઞાન, દર્શન,

ચારિત્ર સમજાણા અને સર્વ કાર્ય થયા સમજો. પત્ર દ્વારા જે કર્યું છે તે ખરેખર અદભુત ઈચ્છા શક્તિ, પરમ વિનીત ભાવ અને વિવેકને વ્યક્ત કરે છે. તમારા તે ઈચ્છાબળને નમસ્કાર. ઘણા કર્મો ક્ષય થયા, ઘણા ઉપશમ થયા. શાસ્ત્ર ભાષામાં કોટી કોટી કહેવાય. જવાબની રાહ જોયા વગર શાંતિનો અનુભવ, મન શાંત થયું હોય તો વધારે અદ્‌ભુત સમજશો. પ્રેમ, શ્રદ્ધા, અર્પણતાને વિશેષ, હજી વિશેષથી સમજવા યોગ્ય છે.

(૧) ગતિ વિશે જણાવ્યું છે, કેવું ફળ ક્યારે મળે ? વિશેષતાએ નરકનું.

(૨) તેમની સાચા હૃદયથી સેવા કરવી. ખૂબ પ્રેમ આપવો અને તેના અંતરને આઘાત લાગે તેવું ક્યારેય 'વાણી - વર્તન' ન કરવું.

(૩) 'બીજા'એ પશ્ચાતાપ કરી માફી માંગી હોય અને ઉદારતાએ આપણે આપી પણ હોય છતાં અસહ્ય આઘાત લાગે તેવી આપણી વાણી ન હોવી જોઈએ.

(૪) પ્રભુ તો દયાનો દરિયો છે, કરૂણા સાગર છે અને ભુલ ખાતા દુ:ખી જીવોના દુ:ષ્કૃત્યો માફ કરવા જ બેઠો છે. પરંતુ તેની (ભગવાનની) અહંતા ઓછી નથી. સાચા હૃદયે, વિનીત ભાવે, વારંવાર તેને યાદ કરી માફી માગવી પડે છે પછી તે માફ કરે છે. બાકી જીવને સાચી માફી માગતા આવડે તો પ્રભુએ માફ કર્યા વગર છૂટકો પણ નથી.

(૫) જીવ-સંબંધી : ઋણાનુબંધ સિવાય બીજા જીવો સાથે સંબંધ કેવી રીતે સંભવે એટલે કે ન સંભવે. તેની સાથે જે રીતે ઉદય આવ્યો તે રીતે ત્યાં આપણો ઉપાય કંઈ જ નથી. આપણે બહુ કરીએ તો તેની મંગળકામના કરી શકીએ. આ પત્ર લખતા અમને પણ તમારા જેવો પ્રસંગ સ્મૃતિમાં આવે છે. કદાચ એ પ્રસંગ આજે જ યાદ આવે છે ઘણા ઘણા વર્ષે. પ્રસંગમાં જરા ફરક છે એટલું જ, બાકી કર્મ સિદ્ધાંતો તો તેમજ છે. માટે નિશ્ચિંત થાઓ, ભયમુક્ત થાઓ. આત્માએ જો ભય રાખવો જ હોય તો વિભાવો, પરપરિણતીનો જ ભય રાખવો બીજાનો (હવે) નહીં.

દુશ્મન માટે પણ અમંગળ ભાવો ન કરવા. 'બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે ક્રોધ નહીં.' જે કારણે દુશ્મનભાવ થાય તે જ કારણ અનહદ પ્રેમ (રાગ)નું પણ હોય છે, જેમાં બે વ્યક્તિ હંમેશા સંકળાયેલી હોય છે. કર્મગતિ તો આથી સમજાય છે કે કટ્ટર દુશ્મન અને પરમમિત્રનું કારણ, 'કારણ' એક છતાં સમયની બલિહારી છે. ઉંડાણથી વિચારતા સમજાશે ખરો ભય ભવિષ્યના સુખનો છે. ભવિષ્ય કાળે થતું કંઈ અશુભ તેની ચિંતા છે. બાકી ભુતકાળ તો સ્મરણમાં છે.

કર્મો તો ભોગવવાથી જ છૂટે છે. બીજો ઉપાય જ્ઞાનીના આશ્રયે નિર્જરા કરવાની છે. બાકી ભાગી જવાથી કે પછી દેહ મુકી દેવાથી કર્મો આપણને મુકતા નથી તે ક્યારેય ન ભુલવું.

અંતર સંશોધન જણાવશે શું ભેદ છે. એક પુરુષ કે એક સ્ત્રી એકબીજાને ખૂબ ખૂબ પ્રેમ કરે છે તે સંસાર વધારનાર મોહ સિવાય બીજું ન કહેવાય. પ્રેમનો અનુભવ જીવે જ્ઞાની વગર

કર્યો નથી. આજે જેને પ્રેમ જણાવે છે તે રાગ છે, મોહ છે. પરમાર્થ પ્રેમ પાંગરે છે પછી જ રાગ અને પ્રેમ, શુદ્ધ પ્રેમની અંશે (અંશે જ) સમજણ આવે છે. આત્માના અપૂર્વ વિકાસ પછી જ પ્રેમ સત્ સ્વરૂપે પુરેપુરો મહદઅંશે ઓળખાય છે. તો પછી પરમાર્થ ન પામેલા સંસારી જીવોનો ઉત્કૃષ્ટ પ્રેમ રાગ સિવાય બીજું શું હોય?

આ સંસારમાં અધોગતિ (નિગોદ)નાં જીવો પણ છુટીને મોક્ષે જાય છે. તેમ જ ૭મી નરકના અતિ-અતિ પરિણામી જીવો પણ છૂટે છે તો મારે તમારે છૂટવું હોય તો પ્રશ્ન છે જ નહીં. જરૂર જરૂર છુટાશે.

જે નિશ્ચયબળ તમારી પાસે છે તેને કામે લગાડો પછી જ્ઞાન પ્રાપ્તિ આ ભવે નહીં, આ વર્ષમાં જ કરોને? તમને જ્ઞાનની અટકાયત કરનાર છે પણ કોણ (તમારા પોતા સિવાય)? જ્ઞાન પ્રાપ્તિ માટે શું કરવું તે ભક્તિમાર્ગના રહસ્યમાં, નિર્વાણ માર્ગનાં રહસ્યમાં, આત્મસિદ્ધિ વિવેચનમાં અને વચનામૃત (શ્રીમદ રાજચંદ્ર)માં જણાવેલ છે તે પ્રમાણે કરશો. જ્ઞાન પ્રાપ્તિ પછી કોઈ યાતના 'ભોગવવી' પડતી નથી. કર્મો ભોગવવા પડે તે સિદ્ધાંત છે અને નિર્જરા કરવી તે અપવાદ છે.

કયા કર્મનું કયુ ફળ? ભવિષ્ય કાળે ઉદયાનુસાર પાત્રતા પ્રાપ્ત થયે સમજાઈ જશે. નિશ્ચિંત થાઓ. ભય છોડો, ભવિષ્ય ચિંતા છોડો, કરવા યોગ્ય જલ્દી જલ્દી દ્રઢત્વ પ્રાપ્ત કરી કરો. સર્વ દુ:ખનો ઉપાય આત્મજ્ઞાન છે તે જેમ જલ્દી અને જ્યાંથી પ્રાપ્ત થાય ત્યાં કરો. અમારી દ્રષ્ટિ દોષ જોવા રાજી નથી. બહુધા દેખાતા જ નથી. પરંતુ પરમાર્થે વાતો થાય અને પુરુષાર્થ ન થાય તો અણગમો આવી પણ જાય. અમને અમારા ભગવાનમાં અપાર શ્રદ્ધા છે. અનંતા અનંતા દોષવાળો જીવ હશે તો પણ પાર પડશે. અમારા ભગવાનની અમર્યાદિત શક્તિ છે. જીવ નિગોદ કે નરકમાં હશે અને તરવાનો સાચો (સાચો એટલે સાવ સાચો) કામી હશે તો ત્યાંથી ખેંચી કાઢી સિદ્ધ શિલા ઉપર બેસાડશે. બીજું કેટલું કહીએ?

એજ

મુનિપણાનો કામી. ◆



વેલેન્ટાઈન શિબિર - જમશેદપુર આધ્યાત્મિક ઉજવણી


શ્રીમદ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, પરલીના જમશેદપુર સેન્ટર મધ્યે તા. ૧૨-૨-૨૦૧૫ થી ૧૫-૨-૨૦૧૫ના ૪ દિવસો માટે પરમાત્મા પ્રત્યેના પ્રેમને વણી લેતા વિષય પર એક આધ્યાત્મિક સમારોહ, ''વેલેન્ટાઈન શિબિર''નું આયોજન પરમ પૂજ્ય શ્રી પ્રેમ આચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ના સાનિધ્યમાં જમશેદપુર ના બિષ્ટુપુર વિસ્તારમાં આવેલી પંચતારક 'હૉટલ એલ્કોર'ના બેન્કવેટ હોલમાં કરવામાં આવ્યું હતુ. જમશેદપુર સેન્ટરના આશરે ૧૦૦ મુમુક્ષુઓ તથા રાયપુર, રાજનાંદગાંવ, મુંબઈ, કોલકાતા, પુણે, દિલ્હી, જબલપુર, યુ.એસ.એ. વગેરે જુદા જુદા સેન્ટર્સથી આશરે ૨૫૦ મુમુક્ષુઓએ આ શિબિરમાં ઉપસ્થિત રહી ભાવપૂર્વક વિવિધ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનોનો લાભ લીધો.

આશરે છ વર્ષોના લાંબા અરસા બાદ તા. ૧૧-૨-૨૦૧૫ના બુધવારે સાંજે ૪ વાગ્યે પૂજ્યશ્રીનું દુરાંતો એક્સપ્રેસ દ્વારા જમશેદપુર સ્ટેશન મધ્યે આગમન થયું ત્યારે જમશેદપુર સેન્ટરના સર્વે મુમુક્ષુઓ પોતાના પરમ માર્ગદર્શકના લાંબા વિરહ બાદના આગમને આનંદના અતિરેકમાં ઝૂમી ઉઠ્યા.

તા. ૧૨ના ગુરુવારે સવારે ૯ કલાકે સંસ્થાના મુમુક્ષુ મનિષભાઈ વૈદ તથા દિનેશભાઈ જાટકીયાના નિવાસસ્થાને ભગવાન શ્રી મહાવીરસ્વામી અને તેમના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટની પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મુંબઈથી પધારેલ મુમુક્ષુશ્રી મહેન્દ્રભાઈ શાહે વિધીવત હવન તથા પૂજન કરાવ્યું. ત્યારબાદ બન્ને ચિત્રપટને વાજતે ગાજતે, ભક્તિની ધૂનમાં શોભાયાત્રાના માધ્યમે જુગસલાઈ વિસ્તારમાં મનિષભાઈ વૈદના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યા અને ત્યાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ મહેતાના વરદ હસ્તે ચિત્રપટની પ્રતિષ્ઠા કરવામાં આવી.

સાંજે હોટલ એલ્કોરથી ચિત્રપટને વાજતે ગાજતે એક શોભાયાત્રાના માધ્યમે બિષ્ટુપુર વિસ્તારમાં દિનેશભાઈ જાટકીયાના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યા અને પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજીના કરકમળ દ્વારા તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. સર્વે મુમુક્ષુઓ આ શોભાયાત્રા તથા પ્રતિષ્ઠા સમારોહમાં અત્યંત ભાવસહ અને ઉલ્લાસપૂર્વક જોડાણા અને પ્રભુના આગમનના આનંદને ભક્તિભાવપૂર્ણ માણ્યો.

તા. ૧૩ના શુક્રવારે સવારે 'વેલેન્ટાઈન



શિબિર'ના પ્રથમ ચરણરૂપે જમશેદપુરના મુમુક્ષુ મનિષાબેન વૈદે એક સુંદર ગીત રજૂ કર્યું અને ભક્તિગ્રુપના કલાકારો દ્વારા ભક્તિના પદોને માધ્યમે પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. સમસ્ત શિબિર દરમિયાન પૂજ્ય શ્રી પ્રેમ આચાર્યજીએ 'ઈશ્વરનું બીજું નામ પ્રેમ' એ વિષયને આવરી લેતા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૧૬૬ પર પરમ સત્સંગનો લાભ સર્વે મુમુક્ષુઓને પ્રદાન કર્યો. તેમણે આ પત્રાંકની ભુમિકા વિશે પ્રથમ સેશનમાં સમજાવ્યું અને ત્યારબાદ તે પત્રાંકના મુદ્દા નં. ૧ પર વિવેચન કરી વિશેષ સમજણ આપી. પરમ સત્સંગ શેષ થતાં પરમાર્થિક શંકાઓના સમાધાનરૂપે પ્રશ્નોત્તરી સેશનમાં તેમણે મુમુક્ષુઓ દ્વારા પુછાયેલ વિવિધ પ્રશ્નોનું અત્યંત સરળ ભાષામાં સમાધાન કર્યું. તે જ દિવસે સાંજે દેવવંદન અને ભક્તિનો કાર્યક્રમ પૂર્ણ થતાં તે જ પત્રાંકના વિવેચનને આગળ વધારતા, 'માયિક સુખની વાંછા' કઈ રીતે દૂર કરી સત્સુખ પ્રત્યે આગળ વધી શકાય તે મુદ્દા પર વિશેષ સમજણરૂપ પરમ સત્સંગનો લાભ આપ્યો. રાત્રે શંકા - સમાધાન સેશનમાં તેમણે મુમુક્ષુઓના વિવિધ પ્રકારના પરમાર્થિક પ્રશ્નોનું સરળ ભાષામાં સમાધાન કર્યું.

તા. ૧૪ના શનીવારે સવારે ૧૦ કલાકે ભક્તિના વિવિધ પદોથી 'વેલેન્ટાઈન શીબીર'ના કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો. ત્યાર બાદ ૧૦.૩૦થી ૧૨ વાગ્યા સુધી પૂજ્ય શ્રી પ્રેમ આચાર્યજીએ તે જ વિષયને



વિસ્તૃત કરી સમજાવતાં કહ્યું કે, 'પ્રેમપૂર્વક પ્રત્યક્ષ સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન કરવામાં આવે તો મોક્ષનો માર્ગ સરળ અને સુગમ છે' અને 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ એ સર્વ પ્રકારની માયિક વાંછાથી વિરમવાનું કારણ બની રહે છે' એ વચન પર વિશેષ ભાર મૂકી પત્રાંકનો મર્મ સમજાવ્યો. મુમુક્ષુઓ પરમ સત્સંગના માધ્યમે સંપ્રાપ્ત થયેલ પરમાર્થિક લાભના આનંદને માણી રહ્યા. રાત્રે ૮ કલાકે પ્રભુ પ્રત્યેના પ્રેમને અભિવ્યક્ત કરતા જમશેદપુર સેન્ટરના મુમુક્ષુઓ દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો જેમાં નૃત્ય નાટિકા, નૃત્ય દ્વારા ક્ષમાપના પદનું આખ્યાન, બધા ધર્મ પ્રત્યે એકત્વ ભાવના દર્શાવતી નાટિકા વગેરે સમાવિષ્ટ કરવામાં આવ્યા. આ સાંસ્કૃતિક કાર્યક્રમના અંતિમ ચરણરૂપે જ્યોતિબેન કોઠારી સંચાલિત પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજી સાથે 'ચાય પે ચર્ચા' નામક એક વાર્તાલાપ કરવામાં આવ્યો જેમાં તેમણે સમ્યક્ સમજણ સાથે વ્યવહારને સાચવતા પરમાર્થિક પુરુષાર્થ કેવી સરળતાથી સાધી શકાય તે વિશેના વિવિધ પ્રશ્નો પૂજ્યશ્રીને પૂછયા અને પૂજ્યશ્રીએ પોતાના અનુભવ સાથે સંકલન કરી તેના યથાયોગ્ય ઉત્તર આપી સર્વે મુમુક્ષુઓને પુરષાર્થ લક્ષી ખુલાસા કર્યા.

તા. ૧૫ના સોમવારે સવારે ૧૦ કલાકે 'શ્રી ભક્તામર સ્તોત્ર' પર વિધીવત સંગીતમય શૈલીમાં પૂજન કરાવવામાં આવ્યું જેમાં આશરે ૪૫૦ મુમુક્ષુઓએ ભાવપૂર્વક ભાગ લીધો હતો.

સમસ્ત શિબિર અત્યંત આનંદરૂપ અને આત્મપુરુષાર્થ બળ આપનાર હતી અને જમશેદપુરના મુમુક્ષુઓ માટે આ શિબિર એક અવિસ્મરણિય પ્રસંગ હતો. ◆



પૂજ્યશ્રીની સાથે સાથે...

ભક્તિમાર્ગનું રહસ્ય

પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા એટલે ભક્તિ એવું જ્યારે સમજાશે તો જ્ઞાન, દર્શન, ચારિત્રની એટલે રત્નત્રયની એકતા સાક્ષાત અનુભવમાં આવશે. જેમ જેમ જીવને આત્માની ઓળખાણ થતી જાય છે, આત્મા શુદ્ધ અને પવિત્ર થતો જાય છે અને પ્રેમ જ્યારે આત્મામાં પ્રગટ થાય છે ત્યારે જગત આખું પ્રેમી બની જાય છે પ્રેમને માટે.

શ્રદ્ધા એ પણ જીવનો સ્વભાવિક ગુણ છે, પ્રભુએ બક્ષેલી દિવ્ય શક્તિ છે.

ભવોભવથી જીવ શ્રદ્ધા કરે છે જિનેશ્વર ભગવાનની, ગુરુ ભગવાનની, સંસારમાં પણ અનેક જુદા જુદા લોકોની પણ શ્રદ્ધા ખરેખર શું છે એ જીવને ખબર નથી. કારણ કે જે ગુણ જે પદાર્થનો હોય એ પદાર્થની જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી એ ગુણનું કનેક્શન કયા પદાર્થ સાથે છે એ ન સમજાય. લોકો ધર્મ આત્મા માટે કરે છે છતાં પણ અનાદિકાળથી અત્યાર સુધી આત્માને ઓળખ્યો જ ન હોય તો પછી આત્માના જે ગુણો છે એને પણ કેવી રીતે ઓળખી શકે ? એટલે કે આ આત્માનો ગુણ છે એમ સમજણ નથી પડતી, આ મારો ગુણ છે એમ સમજણ પડે છે.

ત્રણે કાળને માટે જે ટકી રહે એવો જે ગુણ એ પદાર્થનો મુખ્ય ગુણ અથવા સ્વાભાવિક ગુણ કહેવાય. આત્માનો સહજ ગુણ એ શ્રદ્ધા છે. બીજો ગુણ એ છે કે જગતના જુદા જુદા પદાર્થોને જીવ જાણે છે. આપણે જન્મથી અત્યાર સુધી કેટલી યે ચીજોને જાણીએ છીએ. જે પદાર્થને વિશેષ પ્રકારે જાણીએ છીએ એના માટે કહેશુ હું ચોક્કસ જાણું છું, મને પાક્કી ખબર છે, એનું નામ શ્રદ્ધા. જેની પાસે જાણવાનો, સમજવાનો ગુણ છે અને જે સમજણ છે એ ૧૦૦% સાચી છે, ભલે સંસારની વસ્તુઓ હોય જેમ કે ઘઉં, ચોખા વિગેરે, તો કહેશું ઘઉં, ચોખા ને જાણીએ છીએ એની ૧૦૦% પાકી શ્રદ્ધા છે, ધર્મની શ્રદ્ધા નથી કારણ ધર્મને ઓળખતા નથી. જિનેશ્વર ભગવાનની ભક્તિ કરીએ છીએ પણ શ્રદ્ધા નથી, કારણ કે જિનેશ્વર ભગવાન શું કહેવાય એની યથાર્થ સમજણ નથી.



સંસારમાં પણ જે જે પદાર્થોને જેટલું સ્પષ્ટપણે અનુભવથી જાણીએ છીએ એટલી એ પદાર્થની શ્રદ્ધા છે, તો જિનેશ્વર ભગવાનને કેટલાં સ્પષ્ટ રીતે જાણેલા છે? કયા પ્રકારે એમણે પુરુષાર્થ કરી આત્માને સર્વ કર્મથી રહિત કર્યો એ આપણા જ્ઞાનમાં કે સમજણમાં છે? આત્મા પોતાના મૂળભૂત સ્વભાવને પ્રાપ્ત થાય એનું નામ ધર્મ. ભવોભવથી જે ધર્મ કરીએ છીએ ત્યાં ક્યારેય આવો લક્ષ રહ્યો છે કે આત્મા પોતાના સ્વભાવની અંદર સ્થિર થાય? જે જાતની જાણકારી હોવી જોઈએ અને અનુભવથી જે જાણેલું હોય ત્યારે શ્રદ્ધા બળવાન થાય. જે પદાર્થને તમે ન જાણતા હો, ક્યારેય એના દર્શન ન કરેલા હોય એ પદાર્થને તમે વિશ્વાસપૂર્વક કહી શકો કે, આ પદાર્થ આવો જ છે? જો ન કહી શકતા હો છતાં મોઢેથી બોલો તો ખાલી શબ્દોથી શ્રદ્ધા બળવાન છે અને ગમે ત્યારે એ શ્રદ્ધા તૂટી જાય, એ શ્રદ્ધા ટકી ન શકે. જે રીતે ભવોભવથી આપણા ધર્મ માટેની શ્રદ્ધા ક્યારેય ટકી નથી. ધર્મ બદલાવતા જ રહીએ છીએ કારણ કે આત્માનુ સ્વરૂપ શું છે, એ ગુણે કરીને પદાર્થને જાણેલો નથી. સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌દર્શન એટલે જે જે પદાર્થને વિશે વાત કરીએ છીએ એ પદાર્થને અનુભવે કરીને બરાબર જાણેલો છે તો એનું નામ શ્રદ્ધા. ત્યારે પદાર્થ યથાર્થપણે જણાઈ જાય અને દર્શનમોહનીય કર્મનો ક્ષય થાય.

શ્રદ્ધા તળેટીથી પર્વતના શિખર સુધી સુગમતાએ પહોંચાડનાર પ્રકાશ જ્યોતિ છે, નિર્બળને બળ આપનાર સબળ પદાર્થ છે.

શ્રદ્ધા બળવાન હોય તો પદાર્થ જે પ્રકારે જેમ છે એમ સો ટકા આપણે જાણીએ અને વિશ્વાસથી કહીએ આ પદાર્થ આમજ છે તો દુનિયા આખી એ વાતને માને છે. પરમ કૃપાળુ દેવે મહાવીરના ધર્મની સાચી વાત કરી કે આત્માને ઓળખીએ, બધા ક્રિયાકાંડ આત્માને ઓળખવા માટે છે. જે વસ્તુનો અનુભવ એમણે કરેલો હતો અને અડગપણે એજ કહ્યા કર્યું કે આ જ સાચું છે અને આ જ કરવા જેવું છે તો જેટલા લોકો મળતા ગયા, અનુભવ થતો ગયો, શ્રદ્ધા બળવાન થતી ગઈ. આત્માનો મુખ્ય ગુણ જોવા અને જાણવાનો છે. અનુભવે કરી જેટલું જાણેલું છે એટલી શ્રદ્ધા બળવાન થાય છે. જેના આત્માનું વીર્યબળ તેજ છે, જેણે બધા કર્મો કાપેલા છે એ આખા વિશ્વના બધા પદાર્થોને જુવે છે, જાણે છે. એ જે જાણે છે એની શ્રદ્ધા સ્ટ્રોન્ગ છે.

સંસારમાં પણ જે જે પદાર્થોને જેટલું સ્પષ્ટપણે અનુભવથી જાણીએ છીએ એટલી એ પદાર્થની શ્રદ્ધા છે, તો જિનેશ્વર ભગવાનને કેટલાં સ્પષ્ટ રીતે જાણેલા છે? કયા પ્રકારે એમણે પુરુષાર્થ કરી આત્માને સર્વ કર્મથી રહિત કર્યો એ આપણા જ્ઞાનમાં કે સમજણમાં છે?

સંસારની અંદર પણ જ્યારે કોઈના અત્યંત ગાઢ એવા પ્રેમના સંબંધો હોય તો એ જગ્યાએ શ્રદ્ધા એ અત્યંત અત્યંત જરૂરી છે અને જો શ્રદ્ધા ન રાખવામાં આવે તો પ્રેમ નિષ્ફળ જાય છે. બેમાંથી એક બેવફા છે, પછી એ જગ્યાએ શ્રદ્ધા તૂટી જાય. પરમાર્થે વિચારીએ કે જે વ્યક્તિ ઉપર અનન્ય એવી શ્રદ્ધા છે અને એ વિશ્વાસઘાત કરે છે છતાં આપણો વિશ્વાસ ટકી રહે છે કે એ જે કરે એ, મારો પ્રેમ એના માટે અખંડ છે. તો બે - પાંચ - સાત વર્ષે એ વ્યક્તિ પાછી ન ફરે એ અસંભવ છે. શ્રદ્ધાનું આ અજીબ તરહનું બળ છે કે આપણે જેને સાચું માનીએ છીએ કે તું

સાચો છે તો સામા માણસને સાચું થવું પડે છે.

કોઈ જીવ પૂર્વકર્મના કારણે બેવફા થાય અને દોષ દૃષ્ટિથી જોઈએ તો વિખવાદ વધે છે; પણ નિષ્કામ ભક્તિ, પ્રભુ પ્રેમ કહીએ, જ્યાં કંઈક આપવાનું જ છે, અપેક્ષાથી કંઈ માંગવાનું નથી; એને ખુશી થાય એમાં મારી ખુશી. તો એ વ્યક્તિ પાછો ફરી અને આપણી પૂજા ન કરે એ અસંભવ છે. આ છે અલૌકિક માર્ગ. આ સમાજ-કુટુંબ, વફા-બેવફા એ બધી સંસારની રીતભાતો છે, બધી લૌકિક છે. અલૌકિકની અંદર જેને નિષ્કામ ચાહીએ છીએ એના આત્મિક કલ્યાણનું કારણ થાય એના સિવાય મને કોઈ રસ નથી; બસ એને જે જોઈએ એ આપવા તૈયાર છીએ, જાન જોઈતી હોય તો જાન લઈ લે. કંઈ સંસારની અપેક્ષા નહીં કરીએ એવા હૃદયની અંદર ભાવ ઉત્પન્ન થાય અને આપણી શ્રદ્ધા હોય એક દિવસ સામો માણસ ફરશે, તો ચોક્કસ ફરે છે. અમારા અનુભવથી કહીએ તો કેટલાય લોકો વર્ષો સુધી વિરુદ્ધ રહ્યા હોય એ વર્ષો પછી કહે છે હવે બધું સાચું લાગે છે. કેટલાય લોકોને પાછા ફરતા જોયા છે. આવી રીતે આખું વાતાવરણ ક્રિએટ કરીએ તો આખું જગત ચોક્કસ મહાવીરને ઓળખી શકશે.

શ્રદ્ધાનું આ અજીબ તરહનું બળ છે કે આપણે જેને સાચું માનીએ છીએ કે તું સાચો છે તો સામા માણસને સાચું થવું પડે છે.

જ્યારે આત્માની વાત છે ત્યારે એક ભવની વાત નથી જ કરતા; આત્માની વાત કરીએ છીએ ત્યારે દરેકે પાંચસો વરસથી હજાર વરસના વિચાર કરવાના છે અને એ રીતે વિચાર કરીએ તો એનું સો ટકા પ્રુફ પણ તમને મળે છે કે જેના ઉપર અત્યંત એવો વિશ્વાસ રાખીએ, ગમે તેવો વિશ્વાસઘાતી હોય એ વર્ષે, પાંચ વર્ષે, દસ વર્ષે આગળ પાછળ પશ્ચાતાપ કરે જ છે. એની સાથે શુભ સંબંધ જોડાઈ જાય છે. બીજા ભવની અંદર ફરીથી પાછા મળાય છે ત્યારે પણ શુભ અને અશુભ ચાલે છે. એ રીતે શુભ અને અશુભ બે-પાચ-પંદર ભવ સુધી ચાલતા હોય પણ એકબીજા પ્રત્યે અનહદ એવી ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા થાય તો ધીરે ધીરે અશુભ તૂટતાં જાય છે અને પરમ એવા આત્મજ્ઞાની ગુરુ અને આત્મઆકાંક્ષી એવો શિષ્ય એવી જોડી ઉત્પન્ન થાય છે અને એ જોડી જ્યારે ઉત્પન્ન થાય છે તો ત્રણે કાળ બે માંથી કોઈને અંશમાત્ર અશ્રદ્ધા ન થઈ શકે. એ જેવા છે તેવા મારા છે અને કલ્યાણનું કારણ મોક્ષ સુધી થાય છે.

સંસારના ગમે તેવા પ્રેમ સંબંધો હોય પતિ-પત્નીના હોય, મા અને દીકરાના હોય, બાપ અને દીકરીના હોય, મિત્રના હોય અને સાથે સાથે આત્મધર્મનું કંઈપણ આરાધન થતું હોય તો ત્રીજા ભવે બરાબર પરમાર્થે કોઈને કોઈ રીતે કાં ગુરુ-શિષ્ય કાં એક ગુરુના બે શિષ્ય હોઈ શકે. એ રીતે ત્રીજા - ચોથા ભવે મોક્ષના બળવાન કારણો એમને હાજર થાય છે. આ બળ છે સંસારની શ્રદ્ધાનું. સામી વ્યક્તિ શું કરે છે એ નહીં, મારો વિશ્વાસ છે એ પવિત્ર થઈને પાછા આવશે; આટલી તત્પરતા હોય, આટલુ બલિદાન હોય તો દરેક જીવ આપણા થઈને રહેશે એટલે બધા જીવ બધાના થઈને રહેશે.

જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા છે; જ્યાં શ્રદ્ધા છે ત્યાં પ્રેમ છે. પ્રેમને ટકાવનાર, ઉજ્જવળ રાખનાર અને સાથે ને સાથે રહેનાર જે પદાર્થ છે, તે શ્રદ્ધા છે;

પ્રેમ અને શ્રદ્ધા
એક જ સિક્કાની બે બાજુઓ છે.

જે પદાર્થને કે પ્રાણીને સારી રીતે જાણીએ છીએ કે આ કેટલો સારો છે એમ જેમ જેમ સમજણ પડે છે એટલે પ્રેમ વધે છે. જેટલો પ્રેમ વધે છે એટલો વિશ્વાસ વધે છે કે મારી માન્યતા ખોટી નથી, એ સાચા છે. સંસારની ભાષામાં બોલીએ એ પણ મને પ્રેમ કરે છે, હું એમને કરું છું. પછી જેમ જેમ વિશેષ, વિશેષ આગળ વધતાં જઈએ ત્યારે આત્માના ગુણ સિવાય બીજા કોઈ ગુણ દુનિયામાં છે જ નહીં. જડમાં રૂપ, રસ, ગંધ વિ. કહીએ બાકી બીજા જે ચૈતન્ય કહીએ એવા ગુણ તો આત્મામાં જ છે. હવે તમને હું પ્રેમ કરું છું, તમારી ઉપર શ્રદ્ધા છે તો તમારા કોઈ એક ગુણ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા છે. જ્યારે મને આત્માની સમજણ સાથે ખબર પડે આતો આત્માનાં ગુણ છે અને મારા આત્મામાં આ ગુણ છે તો જે આત્મા પોતાના ગુણને જેટલું ચાહે છે એટલું બીજાને ચાહશે એટલે કે આપણા આત્માની જેટલી વિશેષ આપણને ઓળખાણ થાય, તો આપણા આત્માના જે કંઈ ગુણો છે, એ ગુણો પ્રત્યે અનહદ એવો આપણને પ્રેમ થશે જ. એવા જે ગુણો બીજા જીવમાં જ્યારે દેખાય ત્યારે,

''સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
જિનપદ, નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ.''

આ ભાવ ઉત્પન્ન થતાં બધા પ્રત્યે અનહદ એવો પ્રેમ ઉત્પન્ન થઈ જાય છે. જ્યાં પ્રેમ થાય છે ત્યાં શ્રદ્ધા છે, શ્રદ્ધા છે ત્યાં પ્રેમ અને આ બન્ને એ આત્માના જોવા - જાણવાના વિશેષ પ્રકારના ગુણને કારણે છે.

જિનેશ્વર ભગવાનની ભક્તિ કઈ રીતે થવી જોઈએ ? રોમ રોમમાં એ ભક્તિ ઉગવી જોઈએ અને સાક્ષાત એ ભગવાનના દર્શન થાય એટલે આત્માના દર્શન થાય તો એ ભક્તિ સાચા અર્થમાં સમજાણી છે અને આપણે કરી છે. ભવોભવથી ભક્તિ કરીએ છીએ પણ ભક્તિનો અંશમાત્ર પણ સાચો અર્થ જીવને ખબર ન હોય. આ આશ્ચર્યકારક પદાર્થ ઉપર દિવસો વિચાર ચાલશે તો આત્માનાં અલૌકિક ગુણો અંદર પ્રગટ થાય છે એવું ખરેખર અનુભવમાં આવશે. આત્માનાં જે ગુણો છે એ આત્મા હું પોતે છું એમ સમજીને એ ગુણો ઉપર વિચાર થાય, દરેક જગ્યાએ દરેક જીવમાં આત્માના ગુણો અવશ્ય દેખાશે અને આશ્ચર્યકારક આત્માનો વિકાસ કે ધર્મની પૂર્તિ થતી અનુભવમાં આવશે.

જિનેશ્વર ભગવાનની ભક્તિ રોમ રોમમાં ઉગવી જોઈએ અને સાક્ષાત એ ભગવાનના દર્શન થાય એટલે આત્માના દર્શન થાય તો એ ભક્તિ સાચા અર્થમાં સમજાણી છે અને આપણે કરી છે.

પ્રેમ શ્રદ્ધા વિના ત્રણે કાળમાં ટકી ન શકે. આ પદાર્થ અથવા આ પ્રાણીને હું પ્રેમ કરું છું એ તો ત્યારે જ કહી શકાય જ્યારે એમાં કોઈપણ વિશિષ્ટ એવા ગુણોને જોઈને જેટલો વિશ્વાસ આવે એનું નામ શ્રદ્ધા અને જ્યાં આટલી શ્રદ્ધા થઈ તે પદાર્થ ગમવાનો છે. પ્રેમ અને શ્રદ્ધાને અલૌકિક કહેતાં આત્માની રીતે કંઈક જુદી રીતે વિચારીએ, પછી જુવો કેવો આત્માનો વિકાસ થઈ જાય છે.

શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ''પ્રાકૃત વ્યાકરણ'' માં ભક્તિને શ્રદ્ધા કહી છે. આચાર્ય સમંતભદ્રે ''સમીચીન ધર્મશાસ્ત્ર'' માં ભક્તિ અને શ્રદ્ધા એકાર્થવાચક કહ્યા છે.

લૌકિક રીતે ભક્તિના જે પદો ગાતા હોઈએ અને ક્યારેક ભગવાનની સામે આંખમાંથી અશ્રુની ધારા પણ વહે એને શ્રદ્ધા માનીએ છીએ તો અહીંયા શ્રદ્ધાનું સ્વરૂપ લૌકિક થઈ જાય છે. ભક્તિનું બીજું નામ શ્રદ્ધા છે. શ્રદ્ધા એ આત્માનો ગુણ છે અને આત્માના ગુણે કરી આત્મા પ્રગટ થવો જોઈએ. હવે આત્માની શ્રદ્ધા જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આત્માને પ્રગટ કરવો જોઈએ. આત્મા પ્રગટ ન થાય અને સંસારની અંદર માનભાવ જ રહે કે આ આવા ભગત થઈ ગયા, આવા તપસ્વી થઈ ગયા તો આત્મા તો રહી ગયો ને ? અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે આ શ્રદ્ધાને સંસારમા ફીટ કરો, આત્મા ગોતી આપીશું.

અરહંત, આચાર્ય, શ્રીગુરુ અને પ્રવચનમાં ભાવવિશુદ્ધિયુક્ત અનુરાગ એટલે પ્રેમ એજ ભક્તિ છે, એમ શ્રી પૂજ્યપાદ સ્વામી કહે છે. તેઓ તો એટલે સુધી ઉપદેશ વચન પ્રકાશે છે કે શ્રી જિનદેવની મુખમુદ્રાના દર્શનમાત્રથી જીવ આત્મજ્ઞાન પામી અને મુક્તિરૂપી લક્ષ્મી મેળવે છે.

પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા જો ગુણ પ્રગટ થઈ ચૂક્યા હોય તો ખરેખર જ્ઞાનીપુરુષના મુદ્રાનાં દર્શનમાત્રથી જીવને આત્મજ્ઞાન થાય છે.

કોઈપણ જાતનાં ભાવની અશુદ્ધિ નહીં, ભાવની વિશુદ્ધિ એટલે આત્મકલ્યાણના ભાવ, પોતાના આત્માના કલ્યાણને માટે આ બધું થઈ રહ્યું છે અને એ નિમિત્તથી બીજા અનેકને આત્મકલ્યાણનું કારણ થાય એવી રીતે વિશુદ્ધભાવથી જે કંઈ થાય એનું બીજું નામ પ્રેમ અથવા ભક્તિ કહેવાય. હવે જેના મય આપણે થઈએ એનું નામ ભક્તિ. જેમ સંસારની અંદર ઘણીવાર કહીએ છીએ કે જે વસ્તુને દસ-દસ દિવસ સુધી યાદ રાખીએ અને ચોવીસ કલાક લગભગ યાદ રહે એવા કોઈ પ્રસંગો જીવનમાં આવતાં હોય ત્યારે એમ કહેવાય કે દસ દિવસ સુધી આ પદાર્થની આ જીવને ભક્તિ હતી. જેવી રીતે મોટી ક્રિકેટ મેચ રમાતી હોય, હજાર રૂપિયાની ટિકિટ હોય અને બ્લેકમાં બે હજાર ચાલતાં હોય એમાં એકાદી ટિકિટ મળી જાય તો જ્યાં સુધી મેચ પુરી ન થાય ત્યાં સુધી મેચની ભક્તિ. હવે પદોમાં એકરૂપ થઈ જઈએ તો પદોની ભક્તિ છે અને તત્ત્વમાં એકરૂપ થવાય છે તો તત્ત્વની ભક્તિ છે.

પૂજ્યપાદ સ્વામી ત્યાં સુધી કહે છે કે જ્ઞાનીપુરુષની, જિનેશ્વર ભગવાનની મુદ્રાનાં દર્શનમાત્ર થી જીવ આત્મજ્ઞાન પામી અને મુક્તિરૂપી લક્ષ્મી એટલે મોક્ષને મેળવે છે. હવે આવા વાક્યો પણ કેટલી બધીવાર આપણે વાંચેલા જ હશે, પણ ત્યારે નકારાત્મક વિચારો આવેલા હશે. એમ મોઢું જોવાથી મુક્તિ મળી જાય એવું કાંઈ થોડું બને ? આ પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા એવો જો ગુણ પ્રગટ થઈ ચૂક્યો હોય તો ખરેખર જ્ઞાનીપુરુષની મુદ્રાનાં દર્શનમાત્રથી જીવને આત્મજ્ઞાન થાય છે. જે જીવને જેટલી એ રહસ્યની ખબર છે તેટલું એ જીવને આ મુદ્રાનાં દર્શનથી કલ્યાણનું કારણ થાય. ઉત્કૃષ્ટ સાતમે ગુણસ્થાનકે (અપ્રમત ગુણસ્થાનક) જ્યાં અખંડપણે આત્મદર્શન કરે છે અથવા આત્માની અનુભૂતિ કોઈપણ પ્રકારે એમને ચાલે છે એવા જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ ગયા પછી આપણે એમની મુદ્રા જોઈએ તો મુદ્રામાં પ્રેમ, અલૌકિક શાંતિ, નિર્દોષ આનંદ દેખાય છે. જે વીતરાગમુદ્રા છે એ મુદ્રાની અંદર અત્યંત,

અત્યંત એવી શાંતિનું વેદન થતું હોય અને એમની શાંતિ જોયા પછી ચોક્કસ જીવ એટલાં વખત માટે બધા વિચારો, વિકલ્પોથી મુક્ત થઈ શાંત, શાંત થઈ જાય છે. બીજું એમની મુદ્રા ઉપર અત્યંત એવી અલૌકિક સૌમ્યતા છે, એજ પ્રમાણે એની આંખો ઉઘાડી હોય તો એમાંથી અલૌકિક એવો ન માની શકાય, ન સમજી શકાય એવો પ્રેમનો ધોધ વહેતો હોય અને જીવને એમજ લાગે મને અનહદ ચાહે છે. હું એને ચાહું કે ન ચાહું એ તો મને ચોક્કસ ચાહે છે. આ બધા અલૌકિક ગુણો એ જ્ઞાનીપુરુષની મુદ્રામાં છે. જે જીવે પૂર્વે ક્યારેય નથી જોયેલું; એવું જે જોવામાં આવે તો પછી પૂર્વે જે ક્યારેય નથી જોયેલું એની ઓળખાણ થાય કે ન થાય? એટલે અમૂર્ત એવો જે આત્મા છે જે કોઈ ભવમાં જોયો નથી, એ આત્માનાં જે મુખ્ય ગુણો કહીએ શાંતિ, આનંદ, સૌમ્યતા, અલૌકિક એવો પ્રેમ કહીએ આંખમાંથી બધું દેખાય છે. આંખ એ અરીસો છે, અંતરમાં જે છે એનું પ્રતિબિંબ ચોક્કસ પાડે છે અને યોગ્ય જીવ હોય તો અદ્‌ભુત એવી દશા જેમની છે એ અલૌકિક ગુણો એને દેખાય છે અને આ આત્માના અલૌકિક ગુણો છે એવી જ્યારે ખબર પડે તો પોતાના આત્માના ગુણોના દર્શન થયા કે નહીં? આત્મજ્ઞાન થયું કે નહીં?

જે વીતરાગ મુદ્રા છે એ મુદ્રાની અંદર અત્યંત, અત્યંત એવી શાંતિનું વેદન થતું હોય અને એટલાં વખત માટે બધા વિચારો, વિકલ્પોથી જીવ મુક્ત થઈ શાંત, શાંત થઈ જાય છે.

ઘણા લોકોને રાત્રે પણ સ્વપ્ના આવ્યા કરે કે એ મુદ્રા જોઈ છે તે નજરમાંથી હટતી નથી. તો આવા જે ગુણો છે એ ગુણો આત્માના છે એવી જ્યારે સમજણ પડે તો એ આત્મજ્ઞાન થયું કહેવાય. ન માનવામાં આવતું હોય તો માનજો આત્મજ્ઞાન આટલું સહેલું છે અને પછી એવા વિચાર કરતાં કરતાં મને એવી શાંતિનો અનુભવ ક્યારે થાય? મારું મોઢું આટલું સૌમ્ય ક્યારે થાય? મારા હૃદયમાંથી અખંડપણે પ્રેમરસ ક્યારે ઝરે? જગત આખામાં કોઈના દોષ ગમે તેવા હોય નજરે દેખાય જ નહીં, ફક્ત કર્મજન્ય એવું પાપ કે દોષ દેખાય. એટલું જો જીવને પ્રાપ્ત થઈ ગયું તો ચોક્કસ માનજો પંદરભવથી સોળમો ભવ એ જીવને નહીં હોય અને પછી આત્માનો વિકાસ પોતાની મેળે ચાલ્યા કરશે.

જીવની એટલી યોગ્યતા તૈયાર થઈ જાય અને ખાલી વાંચનથી, સત્સંગથી, વ્યાખ્યાન સાંભળીને એટલું નક્કી થાય કે આવી વીતરાગ મુદ્રા હોય, આવી શાંત, સૌમ્ય મુદ્રા હોય, આવી પ્રેમમય અવસ્થા હોય અને પછી પોતે પ્રેક્ટીસ કરી હોય અને લાગે કે આવી મુદ્રા મારી નથી થાતી, નથી થાતી; એવો પુરષાર્થ કરી લીધા પછી ખબર હોય આ જોઈએ છે નથી મળતું, આવું જ જોઈએ છે નથી મળતું, જોઈ લીધું મળી ગયું! ◆

---

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

पूज्यश्री की अमृतवाणी

स्वच्छंद

स्वच्छंद के बारेमें समझते हुए, पिछले अंकमें हमने देखा कि अनादिकाल से परिभ्रमण करते हुए जीव अनंत प्रकार के संसार के भाव या विभाव ही करता रहता है और उन विभावो के अनुसार उस प्रकार की कर्म वर्गणा ग्रहण करके कर्म बंधन करता ही जाता है। असंख्यात भवों में अनंत प्रकार के विभाव, अनंत प्रकार के भावों से भरे कर्म के रजकण या कर्म की वर्गणा आत्मा के प्रदेशो में चिपके है, वो कर्म बंधन है। जिस तरह ऊर्जामें शक्ति है, उसी तरह ये विचार या भाव जो बलवान रुप से उदय में आये तो तीव्र कषाय व तीव्र विषय वासना की शक्ति उत्पन्न होती है। जैसे एटमबम फट कर एक भवका नुकसान करता है वैसे ये कषाय-विषय अनेक भवों का नुकसान कर सकते हैं।

अपनी मान्यता से चिपके रहना, वह "स्वच्छंद" है। अपनी मान्यता से चिपके रहना, मतलब मैं जो समझता हूँ, मैं जो मानता हूँ, वर्षो से हमारे परिवार में दादा-परदादा जो करते थे, वही सच है, वह तो करना ही चाहिए। साथ में, आप जो कहते हैं, परम कृपालु देव जो कहते हैं, वह भी मुझे मान्य है। याने की परम कृपालु देव जो कहते हैं, वह मुझे मान्य है, पर दादा-परदादा का जो धर्म है, वह पूरा गलत तो नहीं हो सकता, इसलिए साथ साथ मैं हम वह भी करते हैं। यह स्वच्छंद है।

बात चल रही है, परमार्थ में स्वच्छंद के दोष की और स्वच्छंद का मतलब होता है - जीव की अनेक भवों के संस्कार से बनी, अपनी मान्यता। आज जो कुछ हमारी मान्यता है, वह पूर्व के बहुत बहुत भवों के संस्कार हैं और उन संस्कारों के कारण, हमारी आत्मा ने कुछ बातें निश्चित कर ली हैं, कि यह वस्तु तो ऐसी ही होनी चाहीए... आदि। जब कहते हैं, पूर्व के बहुत बहुत भवों के संस्कार तो उसका कारण है, कर्म बंधन अर्थात जो कुछ विचार या भाव किये हुए हैं, वह। क्योंकि उसी का दूसरा नाम है "कर्म"। अब, हम कर्मो के कारण कभी वैष्णव थे, कभी क्रिश्चन थे, कभी मुस्लिम थे, कभी नास्तिक भी थे और जिस जिस समय, जो जो धर्म किया हुआ है या जिस जिस कुल में जन्म लिया है, तो उस उस समय, उस उस प्रकार का बलवान विचार किया ही हुआ है। और वही सब विचार कर्म रूप से आत्मा में लगे हुए है। तो अब

स्वच्छंद का मतलब होता है - जीव की अनेक भवों के संस्कार से बनी, अपनी मान्यता। आज जो कुछ हमारी मान्यता है, वह पूर्व के बहुत बहुत भवों के संस्कार हैं और उन संस्कारों के कारण, हमारी आत्मा ने कुछ बातें निश्चित कर ली हैं, कि यह वस्तु तो ऐसी ही होनी चाहीए... आदि।

क्या करना ?

अब गहराई से विचार यह करना है की इस जन्म से पहले हम सब मिथ्यात्वी ही थे। मतलब आत्म तत्व को जिस तरह समझना चाहिए, उस तरह से पहले धर्म में कभी भी समझे नहीं थे। अर्थात खूब खूब अज्ञान हमारे में भरा हुआ है। कितने ही भवों का वह अज्ञान, उस अज्ञान के कारण बनी हुई मान्यता... आदि इतनी बलवान हो गई है। ऐसा तो करना ही चाहिए, यह तो होना ही चाहिए... आदि। और यह सब आज की हमारी जिस तरह की मान्यता है, उसको ही दूसरा नाम दे, तो अज्ञान होगा की नहीं ? तात्पर्य यह है, कि आप सबको चाहे जितना सच्चा लगता हो १००% सच्चा लगता हो, तो भी वह मिथ्यात्व या दर्शन मोहनीय कर्म ही कहलायेगा। इसकी खूबी ही यह है कि जो सौ में सौ प्रतिशत सच्चा है, वह मिथ्यात्वी जीव को सौ प्रतिशत गलत और गलत लगता है।

अब अत्यंत विचारवान ऐसे जो जीव है, वे यह एक ही वाक्य बारबार विचार करें कि, "आज तक जो मैं मिथ्यात्वी, अज्ञान की भ्रान्ति में भटकता ऐसा आत्मा हूँ, तो फिर पूर्व में, चाहे जितने भव में, जो कुछ भी किया हुआ है और आचार्य पद भी अगर लिया हुआ है, तो भी यह भ्रान्तिवाला ही है, सत् नहीं है।" विचारवान जो ऐसा दृढ विचार करे तो सत् का मार्ग निश्चित मिल सकता है। अत: अब परम कृपालु देव जो कह रहे हैं, वह गहराई से समझने का है। उनकी बात किस तरह से अत्यंत सच्ची है ? यहाँ मान्यता मतलब अधर्म से सम्बंधित मान्यता, ऐसा समझने के बजाय, धर्म सम्बंधित मान्यता ऐसा समझना योग्य है। अभी हम परमार्थ की बात कर रहे हैं। आत्मा का कल्याण कहें या इस भव में समकित की प्रतीति / प्राप्ति कहें। ताकि इस भव के बाद मोक्ष का टिकिट १००% मिल जाय। इसके लिए मान्यता की बात कर रहे है, वो धर्म सम्बंधित जो कुछ भी मान्यता है, उसकी बात है और उस सब पर १००% क्रोस (कट) हो जाना चाहिए। मैं कुछ भी जानता नहीं। मुझे कुछ भी खबर नहीं, ऐसी दृष्टि, दृढ विचार होना चाहिए। और फिर जो परम कृपालु देव कह रहे है वही फोलो करें, तो यह निश्चित मोक्ष का मार्ग या कारण हो सकता है। इसलिये अधर्म से समबन्धित मान्यता समझने के बदले, यहाँ धर्म से सम्बंधित मान्यता समझना योग्य है।

आगे, जीव अभी ऐसा समझता है कि, मैं श्वेताम्बर हूँ, मैं मूर्तिपूजक हूँ, कोई कहेगा दिगंबर हूँ। और इस तरह जब जब पूछने में आता है, तो दिगंबर, श्वेताम्बर, मूर्तिपूजक और ढुण्डिया, तप्पा... आदि कहते हैं। यहाँ तक भी ठीक है, चार पांच भाग में कहते हैं। पर आज हम गच्छ देखे, तो कितने सौ गच्छ है। फिर सबके नाम के साथ साथ सबके आचार्य भी अलग - अलग

हैं। और निश्चित रूप से जब बातचित करते हों, सत्संग करते हों, व्याख्यान हो, तो कहेंगे कि हमारे गुरु के गुरु थे, वह १००% सच्चे थे। यह गच्छ ही सच्चा है... आदि। यहां पर ऐसी जो मान्यता है - श्वेताम्बर, दिगंबर, मूर्तिपूजक, स्थानकवासी... आदि सम्प्रदाय से ही मोक्ष है। या फिर उग्र तपश्चर्या, देव पूजन, शास्त्र वांचन... आदि से ही मोक्ष है। या फिर बौद्ध धर्म, वेदान्त धर्म, नैयायिक या सांख्य से ही मोक्ष है। ये सब मान्यता "स्वच्छंद" है।

पहले भी कहा है कि बहुत से शास्त्र आप देखे, जो बहुत ही महान पुरुषो ने लिखे हैं। तो उनमे भी यही है दिगंबर धर्म, यही सर्वश्रेष्ठ है, बाकी सब गलत है। घासिरामजी जब लिखते हैं, तो उपाश्रय, स्थानकवासी जो धर्म है, उससे उत्तम कोई धर्म नहीं। और इस तरह बड़े लोगों से, पूर्व के बहुत भवों में जो हमने सुना है, वही आज भी सुनते है, तो हमारी मान्यता भी उतनी ही द्रढ़ हो गई होती है। अत: अब यह भी खूब अच्छी तरह विचारना है, कि जो मान्यता दृढ़ हो गई है और १००% सच्ची लगती है, उससे समकित के आसपास भी पहुंचे हैं? तब निश्चित जवाब मिलेगा, नहीं। चाहे जैसी पूर्व भव के कारण अत्यंत दृढ़ मान्यता है, पर उस मान्यता के बाद, आज इस भव में समकित अथवा आत्मा के पास पहुंचे है? अगर नहीं, तो जो तीक्ष्ण बुद्धि से, गहराई से विचार कर सकते हैं उन्हे एकदम लगना चाहिए कि, कहीं ना कहीं भूल हो रही है। कुछ बदलाव करना होगा। आज तो यह देखने में आता है - जब वांचन होता हो, व्याख्यान या उपदेश होता हो, सुनने जाते हैं तो आधा - एक घंटा सुनने के बाद, जब बाहर निकलते हैं तो सब खत्म। अगली बार फिर जब जायेंगे तो पुन: आधा एक घंटा जो सुनने का है सुन लिया पर जो सुना हुआ है, उस पर घंटो हॉम वर्क किया जाना चाहिए। वह नहीं होता। जो होता है, तो आत्मा निश्चित मिलेगा ऐसा कहते हैं।

अत्यंत विचारवान ऐसे जो जीव है, वे यह एक ही वाक्य बारबार विचार करें कि, "आज तक जो मैं मिथ्यात्वी, अज्ञान की भ्रान्ति में भटकता ऐसा आत्मा हूँ, तो फिर पूर्व में, चाहे जितने भव में, जो कुछ भी किया हुआ है और आचार्य पद भी अगर लिया हुआ है, तो भी यह भ्रान्तिवाला ही है, सत् नहीं है।" विचारवान जो ऐसा दृढ विचार करे तो, सत् का मार्ग निश्चित मिल सकता है।

अनादिकाल से परिभ्रमण करते हुए, जीव अनंत प्रकार के संसार के भाव, विभाव ही करता रहता है। और उन विभावों के अनुसार, उस रूप कर्म वर्गणा ग्रहण करके कर्म बंधन करता है। अब, अनेक भवों में जो जो भाव किये हुए हैं, मतलब जब आत्मा की सच्ची समझ नहीं थी, समकित की सच्ची समझ नहीं थी, तब चाहे जिस प्रकार का धर्म करते रहे हों, चाहे जिस दर्शन की मान्यता व धर्म होता रहा हो, पर चूँकि आत्मा की समझ नहीं थी, इसलिए हर एक धर्म संसार की अपेक्षा से ही हुआ होगा और होता है। भगवान के पास से जब कुछ माँगा होगा तो संसार ही मांगा होगा। और धर्म कर रहे हैं, इसलिए ध्यान में यही रहा होगा की धर्म कर

ऐसी जो मान्यता है - श्वेताम्बर, दिगंबर, मूर्तिपूजक, स्थानकवासी... आदि सम्प्रदाय से ही मोक्ष है। या फिर उग्र तपश्चर्या, देव पूजन, शास्त्र वांचन... आदि से ही मोक्ष है। या फिर बौद्ध धर्म, वेदान्त धर्म, नैयायिक या सांख्य से ही मोक्ष है। ये सब मान्यता "स्वच्छंद" है।

रहे हैं, पुण्य मिल रहा है। इस भव में व आगे के भव में सब अच्छा हो जाएगा। पैसा नहीं है, तो पैसा मिल जायेगा। यश नहीं है, तो यश मिल जाएगा। कहने का तात्पर्य है कि, हर जीव को यही भाव ज्यादातर रहता है, कि भविष्य अच्छा हो जाएगा और अच्छा से मतलब संसार अच्छा हो जायेगा।

आज बहुत जगह यह कहा जाता है, कि जो नसीब में होगा वह मिलेगा। बहुत से लोग भी यह बात करते हैं कि जो नसीब में होगा वह मिलेगा। पर कुछ लोग ऐसे भी होते हैं, जो कहते हैं बलवान पुरुषार्थ जब तक ना करें, कुछ नहीं मिलेगा। जो कहते हैं - नसीब में होगा तो मिलेगा उनकी मान्यता में यह रहता है कि मोक्ष भी नसीब में होगा तो मिलेगा, अभी मेहनत करने की क्या जरूरत? ऐसा आप लोगों ने भी सुना होगा। नसीब में होगा तब मिलेगा, तो फिर मोक्ष जैसे नसीब में है वैसे आत्मज्ञान कहें या समकित कहें, वह भी नसीब में होगा और मिल जाएगा। इसलिए पुरुषार्थ करने की जरूरत नहीं है। सुने हैं ऐसे वाक्य?

नसीब में होगा, तो भविष्य में मिलेगा।

अब यह बात किस तरह से १००% गलत कही जायेगी? आप में से कोई बता पायेगा? वाक्य ऐसा है - "जब नसीब में होगा, तब मुझे मोक्ष मिलेगा। और उसके लिए कुछ ज्यादा पुरुषार्थ करने की जरूरत नहीं है"। यह वाक्य १००% गलत किस तरह से है? कभी एक बार भी किसी ने भी विचार किया है? अथवा यह वाक्य सच्चा है या झूठा है? कहें नसीब में होगा, तब मुक्ति मिलेगी। यह वाक्य सही है या झूठा है? यह पूछ रहा हूँ किस तरह? विस्तार से मुझे समझायें।

अभी हम कोई व्याख्यान नहीं दे रहे हैं। बल्कि आप, मैं, हम सब मिलकर ऐसी विचारधारा उत्पन्न कर रहे हैं, जिससे जहाँ जहाँ मेरी भूल है, मैं सुधारते जाऊं और जहाँ जहाँ आपकी भूल है, आप सुधारते जाएँ।

परम कृपालु देव की भूल समझते हो, तो हम मिलकर समझने का प्रयत्न करें। क्योंकि सर्वज्ञ जैसे पुरुष भूल नहीं करते।

मुमुक्षु १: "अपना खेत है और हम ये भाव करते हैं कि अच्छी बरसात हो और खूब फसल हो। और बरसात बहुत अच्छी हुई भी, पर जो बीज ना बोया हो तो कुछ फसल होती नहीं। अर्थात यह बीज बोने का पुरुषार्थ जो हम ना करें, तो फिर नसीब के भरोसे बैठने से कैसे चलेगा?"

मुमुक्षु २ : नसीब में होगा तो मोक्ष मिलेगा ऐसा जो सोचते हैं, तो यह भी सोचना है कि, हमारा वर्तमान का पुरुषार्थ ही भविष्य का नसीब है। वही उदय में आएगा, जो भाव पुरुषार्थ अभी होगा। मतलब भविष्य में आज का डाला भाव उदय में आएगा और फिर जैसा भाव डाला है, वही पुरुषार्थ होगा।

मुमुक्षु ३: "नसीब में होगा और मिलेगा मेरे हिसाब से यह वाक्य थोड़ा सही और थोड़ा गलत है। मोक्ष पाने के लिए नसीब भी जरुरी है ओर पुरुषार्थ भी जरूरी है।"

मुमुक्षु ४: "परमार्थ में मोक्ष चाहिए हो तो, उसका पुरुषार्थ तो करना ही पड़ेगा। पर संसार में जो पैसा चाहिए होगा, तो वह नसीब से मिलेगा। परमार्थ का पुरुषार्थ करने की जरुरत तो है ही। परमार्थ के लिए और मोक्ष के लिए जरुरत है, पर संसार के लिए कुछ जरुरत नहीं। यह तो नसीब में होगा तो मिलेगा।"

पूज्यश्री : "इस तरह जब आप सब बोल रहे है, तो मुझे एक फायदा हो रहा है - आप सही जवाब दें या गलत जवाब दे; पर आप जवाब देते हैं, तो मुझे पता चलता है कि इन भाई का यह नाम है। वैसे मुझे नाम ही याद नहीं रहता, पर इस तरह से पहचान हो ते जा रही है और आप करीब हो ते जा रहे हैं।"

मुमुक्ष ५: नसीब कैसे बनता है? नसीब का आधार क्या है? तो आज का पुरुषार्थ, यही भविष्यकाल का नसीब है। इसलिए पुरुषार्थ बहुत ही जरुरी है।

पूज्यश्री : "मोक्ष के लिए कुछ पुरुषार्थ ही नहीं किया हो, मतलब वैसा कर्म बंधता नहीं। और जो भाव से मोक्ष का पुरुषार्थ किया हो तो, आज का जो पुरुषार्थ है, वह कल का नसीब है, मतलब आपने भविष्य में मोक्ष पाने रूप उदय डाला। पर जिन लोगों ने मोक्ष के लिए पुरुषार्थ ही ना किया हो और धर्म करके भी फल रूप में संसार ही मांगा हो। जैसे आज भी कई लोग कहते हैं - मोक्ष जा कर करना क्या?" तो ऐसे लोग भ्रमण करते ही रहेंगे। पर हम जो बीज डालेंगे तो बरसात होने पर अंकुर फूटेंगे। बीज ही ना डाला हो तो, कितनी भी बारिश हो बेकार है। कहने का आशय यह है कि भाव से कर्म बंधन होता है। और मोक्ष के लिए जो भाव चलते हों तो मोक्ष का कर्म बंधन होगा। आज सब कहते है - "कर्म छोडो, कर्म छोडो, कर्म छोडो। या ऐसा करेंगे तो कर्म की निवृत्ति होगी, निर्जरा होगी। पर हम कहते हैं - भाई हम कर्म बाँध रहे है, मोक्ष का कर्म। तो जैसा कहा आज का पुरुषार्थ, वो भविष्य का नसीब।"

मोक्ष के लिए कुछ पुरुषार्थ ही नहीं किया हो, मतलब वैसा कर्म बंधता नहीं। और जो भाव से मोक्ष का पुरुषार्थ किया हो तो, आज का जो पुरुषार्थ है, वह कल का नसीब है, मतलब आपने भविष्य में मोक्ष पाने रूप उदय डाला।

जब तक जीव मिथ्यात्वी है, उसे मोक्ष का विचार भी सच्चा नहीं आता। मुख से मोक्ष बोलता है, पर माँगता संसार, संसार और संसार है। सही पुरुषार्थ ही ना किया हो तो, फिर नसीब में मोक्ष हो ही नहीं सकता। ◆

ॐ शांति: शांति: शांति:

नोंध: पूज्यश्री के "स्वच्छंद" के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

THE MASTER'S VOICE

UPDESH CHHAYA*

We learned in the last issue that .....

- **A being in whom, *Anantanubandhi* (ever continuing impact) of any of the four kashay is active, is averse to the words of The Master.**

- ***Granthi* (knot) of *mithyatva* (falsehood) is of seven types. Out of these, four are of *Anantanubandhi* and three, of *Darshan mohniya* type. With emergence of *maan*, all seven emerge. The four *Anantanubandhi* types – *krodh, maan, maaya* and *lobh* are like emperors, never allowing the being out of knot. Falsehood is the protector. All beings of the Universe are it's slaves.**

- **Q. What is *uday karm* (manifestation of *karm*)?**

A. A position of eminence is outright rejected with thought "I do not want this; of what use is this for me?" Even if a Rajah offers, he does not look forward to such position. "What am I going to do with this? Taking care of existing worldly troubles is enough", so thinking, refuses; in spite of disinclination, if due to Rajah's insistence, the post is forced upon him, he thinks "with position, looking after of many beings will be ensured, cruelty will be curbed, libraries will be built, books will be published"; so forseeing the outcome, if he fulfils the duties of the post forced upon him, unattached, it is *uday*; being attached but declaring as *uday*, will surely cause laxity and worldly wandering.

..... and continue herein below with.....

- **Some accept Sainthood due to detachment borne out of attachment whereas others do the same out of sorrow. "With Sainthood, travel to various places will be available; good food will be available although with hardship of always having to walk bare feet; but just as a lowly farmer or a commoner is used to walking bare feet, even I will get used to it; other than this, there are no hardships and it will be beneficial." The detachment for beings with such mind set is caused by attachment.**

A few decades back, largeness of a family was accepted as a sign of it's prosperity. With only the father or a few elder male children engaged in earning in most households, meeting of two ends was difficult due to which lifestyle was quite restricted. It would thus be natural for a member of such household to feel detached towards worldly affairs and get attracted towards Sainthood, with food, clothes, stay requirements being taken care of and with opportunity to compulsorily travel. Additionally, people would show their respect by bowing and would be eager to fulfil all

wishes. "All this is better than (present) worldly life." Irrespective of the period for which Sainthood is observed, no benefit can accrue if it has been embarked upon with such thought process.

- **Many people visit Dakor on full moon nights but no one ponders what benefit is accruing out of this? Forefathers used to visit on full moon nights for sighting Ranchhodji and children are simply following, without a 'why'. This type too is detachment borne out of attachment.**

It is often seen that the only reasons certain rituals are observed in families is because these were observed by ancestors or forefathers, possibly out of fear that no untoward should befall or that good fortune should continue or come about. How at all would such ritual be ultimately beneficial for Aatma is never thought of. Any ritual or any religious act done with expectation of increasing worldly pleasure or to avoid worldly miseries is not detachment.

- **Detachment borne out of deprivation is when one renounces worldly life due to worldly miseries.**

One is ignorant of the reason for own renunciation. Simply based on hearsay, he has concluded that upon renouncing, all (worldly affairs) will get sorted out. By renouncing food or using less clothes or depriving oneself in some way, one considers oneself to be 'religious'. Being 'religious', expects all worldly problems to get solved or not arise in the first place. Such acts or mind set can never yield any true benefit.

- **It is to be firmly concluded that no matter how or where one strives, enhancement of own well-being should be the goal; being able to shun ancestral beliefs and rituals is the proof that importance of *Satsang* is perceived. Opinions pertaining to different religions and faiths are like fissures of huge endless mountains which can never meet. Never be a bigot; impassively dissuading someone from bigotry is the result of having grasped. *Anantanubandhi maan* is said to be a massive tower like hindrance in well-being. A discerning person would advise to seek out company of a virtuous person. Worldly are the ways of an ignorant person. Shun all stubbornness with clear acceptance - "I do not want".**

One has to analyze whether religious acts are adding to the *karma* burden or reducing? Since only after attaining *Samkit* can *karm* be truly extinguished, new karm will keep getting incurred. So, which type of *karm* should get incurred? Those, upon activation of which, true well-being results ie opportunity of meeting The Master and being able to perceive HIM so, decline of repugnant thought process and extinguishment of impediment layers over *gyaan*. With appropriate and unbiased mind, soon a being embarks on the right path. So even if one cannot get completely released from *karm* in one's present spiritual stage, one should aim to observe (religious) acts, which would be spiritually uplifting.

Proof of *Satsang* being effective is when a being understands, accepts and experiences its

importance and thus does not remain stubbornly inclined towards ancestral faith. Even those in touch with such person feel that *Satsang* has impacted him and his (*Aatma*) behaviour has changed.

Anantanubandhi, as explained earlier, is that which cause infinite (lifetimes) wandering. Instead of rigidly defending own opinion about an act even at the cost of anguish or worse, one should examine the intent and accept it if being carried out with the intent of well-being of *Aatma*. Rather than the act, the intent behind it is what is relevant. There could be many ways to achieve something and if one becomes aware of it being so, there would be no arguments and justifications. Even if it is strongly felt that the other person is acting wrongly, it can gently be pointed out once. Thereafter, it is up to him to accept or not to accept, based on his *karm*. "I am *Aatma* and I should be concerned with getting released from my *karm*." – should be the thought process. It should be realized that by being indignant or angry at the other person's act, I am burdening myself with new *karm*, when the other person may or may not even be getting affected by his (wrong) act. A typical example is of a mother, persistently pursuing with a playful child to study. It can easily be accepted that duty of a mother is to explain, not to get anguished by the playful child and increase karmic burden. The test is what one feels. If no anguish is felt even when the given suggestion is rejected by the other person, no new *karm* is incurred.

If we have really understood, we shall be able to gently and patiently explain to the other person and even if the other person does not accept our explanation, no ill feeling towards that person would arise in us. Being righteous and a preacher, with angst and 'looking down' attitude towards the other person is absolutely wrong.

Not having the resolve to calmly seek explanation to own queries from The Master, not having the courage to confess own faults, negligently nurturing lack of right endeavour are some examples of *maan kashaay* (ego). Such hindrances should be perceived as such and solution should be sought from The Master, forthwith. Any hesitation to seek is surely and certainly, due to *maan*. Men folk are typically more afflicted with *maan*, right from birth, which possibly is the reason for the term 'man – ego'. Ego is accepted as the biggest hindrance in the path to salvation by all.

Untruth and impiety have become the norm and it is not even realized. Truth and piety should become the norm without being aware and only when others point out, should the realization dawn. No insistence should prevail, especially for the other person. Each should have independence to decide own right and wrong and I should have the strength to bear (accept). ◆

Aum Shanti: Shanti: Shanti

*Chapter 957 – Shrimad Rajchandra Vachanamrut ● Indicates Textual material

Note: *This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan*

અર્વાચીન જૈન જ્યોતિર્ધરો

સૌહાર્દમૂર્તિ શ્રી મોતીલાલ કાપડિયા

બાળપણ અને અભ્યાસ: જૈન સમાજની ઉન્નતિ કરનારી દરેક પ્રવૃત્તિ માટે પોતાનું જીવન સમર્પિત કરનાર મોતીલાલ કાપડિયાનો જન્મ તા. ૭-૧૨-૧૮૭૯ના રોજ ભાવનગરમાં થયો હતો. બી.એ. સુધીનો અભ્યાસ તેમણે ભાવનગરમાં કર્યો અને એલ.એલ.બીના અભ્યાસ માટે તેઓ મુંબઈ આવ્યા. ઈ.સ. ૧૯૧૦માં તેમણે સોલિસિટરની પરીક્ષા પસાર કરી અને તેમના મિત્ર દેવીદાસ દેસાઈ સાથે મળીને 'મોતીચંદ ઍન્ડ દેવીદાસ' નામની સોલિસિટરની પેઢીની સ્થાપના કરી.

સામાજિક, સંસ્થાકીય અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ: સોલિસિટરની કારકિર્દી દરમિયાન સારી નામના મેળવી જાહેર જીવનના અનેક ક્ષેત્રોમાં તેમણે પ્રવેશ કર્યો અને દરેક ક્ષેત્રને અનેકવિધ સેવાઓ વડે તેમણે શોભાવ્યું. જૈન સમાજની એક પણ પ્રવૃત્તિ એવી નહોતી કે જેમાં તેમણે મહત્વનો ફાળો આપ્યો ન હોય. જૈન સમાજમાં તેમણે શરૂ કરેલી બે મુખ્ય પ્રવૃત્તિઓ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' અને 'શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ' સાથે તો તેમનું નામ સદાને માટે જોડાયેલું રહેશે. મુંબઈની કૉલેજોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને રહેવા-ખાવાની સગવડ મળી રહે એ માટે તેમણે ઈ.સ. ૧૯૧૬ની સાલમાં 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'ની સ્થાપના કરી હતી.

આ સંસ્થાના તેઓ પ્રારંભથી જ મંત્રી હતા અને પ્રાણપૂરક આત્મા હતા. આ સંસ્થાના વિકાસ માટે તેઓ અનેક અપમાનો સહીને, ઘેર ઘેર ફંડ માટે ફર્યા હતા. આજે આ સંસ્થા ખૂબ વિકાસ પામી છે અને તેની અનેક શાખા - પ્રશાખાઓ નિર્માણ થઈ ચૂકી છે. આવી જ રીતે શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સને અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે જીવતી અને વેગવંતી રાખવા માટે તેમણે અપાર પ્રયત્ન કર્યો છે. એમાં તેમણે ઘણા સમય સુધી અગ્રસ્થાને રહી કાર્ય કર્યું છે.

સમયના પરિવર્તન સાથે તેમના વિચારો અને વલણોમાં પણ ઉત્તરોત્તર પરિવર્તન થઈ રહ્યું હતું. સામાજિક કાર્યોમાં તેમના વલણ અને કાર્યપદ્ધતિ હંમેશા સમાધાનકારક રહેતાં. તેઓની કાર્યપદ્ધતિ, વિચાર કરતાં કાર્યને વધારે મહત્વ આપવાની હતી.

સમાજના વિવિધ કોટિના માણસો સાથે હળીમળીને ચાલવું, કોઈને લેશ

પણ દુઃખ ન થાય તેમ બોલવું કે વર્તવું એ તેમની સહજ વૃત્તિ હતી. જે સંસ્થાઓનું એમના હૈયે હિત વસ્યુ હતું એ સંસ્થાઓનો ઉત્કર્ષ કેમ થાય અને આર્થિક લાભ કેમ થાય તે રીતે તેઓ સૌ સાથે કામ લેતા. બાંધછોડ કરવી અને સમાધાન સાધતા રહેવું, જૂના વર્ગને સંભાળવો અને નવા વર્ગ સાથે સંપર્ક ચાલુ રાખવો એ તેમની કાર્યનીતિ હતી. કોઈપણ શુભ કાર્યમાં પછી તે કોમી હો, સાંપ્રદાયિક હો કે રાષ્ટ્રીય હો - પોતાથી બને એટલા મદદરૂપ થવું આ તેમની જીવનએષણા હતી. તેમનું માનસ સતત વિકાસશીલ હતું. તેથી તેમની જાહેર પ્રવૃત્તિ પણ સતત વિકાસશીલ બની હતી.

જ્ઞાન-આરાધના અને સાહિત્યસેવાઃ જેવો ઉજ્જવળ તેમનો કર્મયોગ હતો તેવો જ ઉજ્જવળ તેમનો જ્ઞાનયોગ હતો. તેમનું વાંચનક્ષેત્ર અતિ વિશાળ હતું. તેમાં પણ જૈન સાહિત્ય તો તેમના ઊંડા અવગાહનનો વિષય હતો. સાહિત્યવાચનનો તેમને નાનપણથી જ ખૂબ શોખ હતો. તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારથી જ લેખનપ્રવૃત્તિ તરફ વળેલા હતા. સૌ પ્રથમ તેમણે 'જૈન ધર્મપ્રકાશ' નામના માસિકમાં લખવાનું શરૂ કરેલું.

તેમનાં લખાણોનો મોટો ભાગ જાણીતા જૈનાચાર્યોની વિશિષ્ટ કૃતિઓના સવિસ્તર વિવેચનો રૂપે છે. આધ્યાત્મિક અને વૈરાગ્યપ્રેરક સાહિત્ય તરફ તેઓ મૂળથી જ ઢળેલા હતા. સૌથી પ્રથમ શ્રી મુનિસુન્દરસૂરિએ રચેલ 'અધ્યાત્મકલ્પદ્રુમ' ઉપરનું તેમનું વિવેચન સન્ ૧૯૦૯માં પ્રગટ થયું અને એ અત્યંત લોકપ્રિય બન્યું. ત્યાર પછી 'આનંદઘન પદ્યરત્નાવલિ'નો પહેલો ભાગ બહાર પડ્યો. આ દળદાર ગ્રંથમાં શ્રી આનંદઘનજીના પચાસ પદોનું સવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. જૈન મુનિ શ્રી સિદ્ધર્ષિગણિએ રચેલ 'ઉપમિતિ ભવપ્રપંચ કથા' સંસ્કૃત ભાષાસાહિત્યનો એક પ્રસિદ્ધ અને ભવ્ય ગ્રંથ છે. તેનો આદ્યન્ત અનુવાદ ત્રણ ભાગમાં તેમણે બહાર પાડ્યો. તેમાના એક ભાગમાં સિદ્ધર્ષિના જીવન અને સાહિત્યની અતિ વિસ્તૃત અને ઐતિહાસિક સમાલોચના કરવામાં આવી છે. 'શાન્તસુધારસ' નામના વૈરાગ્યરસપ્રધાન ગેય મહાકાવ્યનું તેમણે ઉલ્લાસભર્યું વિવેચન પ્રગટ કર્યું. ડૉ. બુલરે લખેલા શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના જીવનચરિત્રનો તેમણે અનુવાદ કર્યો. આ ઉપરાંત જૈન દૃષ્ટિએ યોગ, નવયુગનો જૈન, યશોધર ચરિત્ર, મોતીશા શેઠનું ચરિત્ર, 'બહોત ગઈ થોડી રહી' વગેરે તેમણે રચેલાં અનેક નાના મોટા પુસ્તકો આજ સુધીમાં પ્રગટ થઈ ચૂક્યા છે.

ઈ.સ. ૧૯૪૮ના ઑગસ્ટ માસની મોટી બીમારી પછીથી અવસાન સુધીના અઢી વર્ષના ગાળા દરમિયાન 'પ્રશમરતિ' નામના જાણીતા ધર્મગ્રંથ ઉપર તેમણે સવિસ્તર વિવેચન લખ્યું. શ્રી આનંદઘનના બાકીના પદો અને ચોવીસી ઉપર આનંદઘન પદ્યરત્નાવલીના ધોરણે વિવેચન લખી આનંદઘનને લગતું પોતાનું કાર્ય પૂરું કર્યું. મહાવીર સ્વામી વિષે જે કાંઈ કાવ્યો, સ્તવનો, ભજનો રચાયા હોય તે સર્વને એક ગ્રંથાવલિમાં સંગ્રહીત કરવાની તેમની ઈચ્છા હતી. આ ઈચ્છા મુજબ આ ગ્રંથાવલિની યોજનાને તેમણે પચ્ચીસ ભાગમાં વહેંચી નાખી હતી. તેમાંથી મહાવીર સ્વામીના પૂર્વભવને લગતો પહેલો વિભાગ તેમણે પૂરો કર્યો હતો

અને બીજો વિભાગ અવસાન પૂર્વે થોડા સમય પહેલાં શરૂ કર્યો હતો.

સાહિત્યલેખનની શૈલીઃ તેમના લેખનસાહિત્યનો સમગ્રપણે વિચાર કરતાં માલૂમ પડે છે કે તેઓ આમજનતાના માનવી હતા. તેમની આંખ સામે ઓછું ભણેલી અને ઓછી સમજણવાળી ભદ્ર જનતા હતી. આવા જનસમાજને ધર્મમાર્ગે, અધ્યાત્મને પંથે, વૈરાગ્યના રસ્તે વાળવાની તેમના દિલમાં ઊંડી તમન્ના હતી. પરિણામે એકની એક વાત તેઓ ફરીફરીને કહેતા. એક જ તત્વને ભિન્ન ભિન્ન સ્વરૂપમાં રજૂ કરતાં તેઓ કદી થાકતા નહોતા. ધર્મકથામાં પુનરુક્તિ એ દોષ નથી એમ તેઓ માનતા. તેમની લેખનશૈલી સાદી, સરળ, જાતજાતના ટુચકાઓથી ભરેલી અને પ્રસ્તુત વિષયને સાધારણ રીતે વિસ્તારથી આલેખવા તરફ સદા ઢળેલી રહેતી.

વિશિષ્ટ ગુણો અને સંસ્કારિતાઃ અપ્રતિમ આશાવાદ એ તેમના જીવનનો સૌથી મોટો ગુણ છે. જ્યારે કોઈપણ પ્રસંગ કે પરિસ્થિતિ અંગે અન્ય સર્વ અત્યંત નિરાશ બની બેઠા હોય, ત્યારે તેમની નજર તેમાંથી પણ કોઈ નાનું સરખું આશા પ્રેરક કિરણ શોધી કાઢતી.

તેમનો બીજો એક વિશિષ્ટ ગુણ તેમની પ્રકૃતિને વરેલું ઉમદા પ્રકારનું સૌહાર્દ હતું. મરતાને પણ મર ન કહેવું એ તેમનો સ્વભાવ હતો. નાના-મોટા સૌ કોઈને દિલના ઉમળકાથી બોલાવે, કોઈનું કામ કરી છૂટવામાં આનંદ માને, સમાજહિતકારી સર્વ કોઈ પ્રવૃત્તિઓ વિશે હાર્દિક સહાનુભૂતિ ધરાવે અને જ્યાં જેટલો પોતાનો હાથ લંબાવી શકાય ત્યાં તેટલો લંબાવવામાં જરા પણ પાછી પાની ન કરે. જૈન ધર્મ પ્રત્યે અપ્રતિમ અનુરાગ તથા શ્રદ્ધા હોવા છતાં અન્ય ધર્મ કે સંપ્રદાય પ્રત્યે લેશ પણ અનાદર ન ચિંતવે - આ તેમનામાં રહેલા અખૂટ સૌહાર્દના જ વ્યક્ત સ્વરૂપો હતા.

તેમનો બીજો એક અનુકરણયોગ્ય ગુણ નમ્રતા હતો. તેમને જ્યારે કોઈ પણ વર્ગની કે સંસ્થાની નેતાગીરી સોંપાતી ત્યારે તેને તેઓ પૂરી દક્ષતા અને અપૂર્વ કાર્યશક્તિ દ્વારા શોભાવતા. તેમણે કોઈની પાછળ ચાલવામાં કદી નાનમ અનુભવી નહોતી. જેમાં જેની વિશેષતા જણાતી ત્યાં તે વિશેષતાને તેમણે આદરપૂર્વક સ્વીકારી હતી.

આમ, કર્મયોગ અને જ્ઞાનયોગ બન્ને દિશાએ અનેક પ્રવૃત્તિઓથી ભરેલું, સેવા માર્ગે વિચારતા સૌ કોઈને અનુકરણ કરવા યોગ્ય, વ્યવહાર અને આદર્શનો સુંદર સમન્વય રજૂ કરતું લાંબુ જીવન વટાવીને તેઓ ચિરસ્મરણીય સુવાસ મૂકતા ગયા છે. સામાન્ય સંયોગોમાંથી એકસરખી ધર્મનિષ્ઠાપૂર્વક આગળ વધતાં વધતાં એક માનવી, જીવનના અંતે સંચિત સેવાકાર્યોનો કેટલો મોટો સરવાળો મૂકી જઈ શકે છે તેનો શ્રી મોતીચંદભાઈના જીવન ઉપર નજર કરતાં ખ્યાલ આવે છે અને તેમાંથી આપણને અનેક પ્રેરણાઓ મળે છે. ◆

નોંધઃ પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી આત્માનંદજી લિખીત પુસ્તક ''અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'' માંથી ઉપર્યુક્ત પ્રકરણ, અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

પેટરબારમાં મહાત્માઓનું અપૂર્વ મિલન



ગત તા. ૧૫-૨-૨૦૧૫ના ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, પરલીના મુમુક્ષુઓના પરમ માર્ગદર્શક પરમ પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજી (પ.પૂ. પપ્પાજી) જમશેદપુરથી અન્ય મુમુક્ષુઓ તથા સંસ્થાના ટ્રસ્ટીગણ સાથે પેટરબાર મધ્યે બિરાજી રહેલ ગોંડલ ગચ્છ શિરોમણી, પૂ. જયંતમુનિ મ.સા.ના દર્શનાર્થે તથા પરમાર્થિક જ્ઞાનગોષ્ટી અર્થે પેટરબાર જવા રવાના થયા. તેઓ પેટરબાર પહોંચ્યા ત્યારે માનવતાના શિરોમણી એવા પૂ. જયંતમુનિ તથા શ્રી પ્રેમ આચાર્યજી એમ બે મહાત્માઓના મિલનનું એ એક અલૌકિક દ્રશ્ય બની રહ્યું.

બહુમાન વિધિ

પેટરબારની મંગલ ટીમના કાર્યકર્તાઓએ સર્વેનું ભાવભર્યું સ્વાગત કર્યું. પેટરબાર કમિટીના ટ્રસ્ટી શ્રી શાંતિલાલજી જૈન તથા અન્ય અગ્રણી સભ્યોએ પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજી તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ મહેતાનું શાલ ઓઢાડી તથા શ્રીફળ અને રૂપાની મુદ્રાઓ અર્પણ કરી બહુમાન કર્યું.

સ્પર્શ દ્વારા અખંડ આનંદ રસ પ્રસરાવતી ભક્તિ

ત્યાં પહોચ્યા બાદ સંસ્થા સંચાલિત 'સ્પર્શ' ભક્તિ ગ્રુપના કલાકારો દ્વારા પ્રભુભક્તિનો અખંડ રસ પ્રસરાવતા ભક્તિપદોને આધારે ભક્તિનું આયોજન કરવામાં આવ્યું. આશરે દોઢ કલાક સુધી સર્વે કલાકારોએ વિવિધ પ્રકારના ભક્તિપદો દ્વારા સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા. કાર્યક્રમના અતં રીતેશભાઈ ગાંધી અને મુકેશભાઈ શાહે જુગલબંધીમાં પ્રભુપ્રેમના ભાવોને અભિવ્યક્ત કરતા શુદ્ધ કાઠિયાવાડી શૈલીમાં 'સનેડો' રજૂ કરતાં સર્વે ઉપસ્થિત જનો

ભાવવિભોર થઈ આનંદના ઉલ્લાસમાં ઝૂમી ઉઠ્યા.

પુસ્તક વિમોચન વિધિ

તા. ૧૬-૨-૨૦૧૫ના સવારે ૫ કલાકે ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જયંતમુનિ મ.સા. ની લોચવિધિમાં સર્વે મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમના અભિપ્રાય પ્રમાણે આ એક અદ્‌ભુત અને અકલ્પનિય પળ હતી. જે વૈરાગ્યને પ્રેરકબળ પુરવાર કરે તેવી બની રહી. ત્યારબાદ સર્વેએ પ્રાતઃકાળની પ્રાર્થનામાં ભાવુક્તાસહ ભાગ લીધો. ત્યારબાદ પૂજ્યશ્રીએ પૂ. જયંતમુનિ સાથે તાત્વિક વિચારણા સંબંધી જ્ઞાનગોષ્ટિનો લાભ લીધો. ત્યારબાદ પૂ. જયંતમુનિ વિરચિત, પોતાના અનુભવાત્મક પરમાર્થિક જ્ઞાનગંગાને શબ્દબદ્ધ કરતા બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. 'અલૌકિક ઉપલબ્ધિ' જેમાં પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત ગુણસ્થાન ક્રમ આરોહણ દર્શાવતા પદ 'અપૂર્વ અવસર' પર તેઓશ્રીએ વિવેચન કર્યું છે અને 'ઈલા અલંકાર' જેમાં ઈલાઈચીકુમારનું અદ્‌ભુત વૈરાગ્યમય ચારિત્ર આલેખ્યું છે.

પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજીની મુખાકૃતિથી હરિના દર્શન થયા

પુસ્તક વિમોચન વિધિ બાદ ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્યશ્રી જયંતમુનિ મ.સા. એ સર્વેને વ્યાખ્યાનનો લાભ આપ્યો જેમાં એમણે વિશિષ્ટપણે દર્શાવ્યું, 'પ.પૂ. પપ્પાજીની મુખાકૃતિ જોઈ અમને હરિ સ્મરણ થાય છે.' પોતાની અદ્‌ભુત અને સરળ શૈલીમાં સર્વેને વ્યાખ્યાનનો લાભ આપી લાભાન્વિત કર્યા.

પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજીનો જલકમલવત પુરુષાર્થ

વ્યાખ્યાનદરમિયાન મોક્ષમાર્ગ વિશે સમજાવતા પૂજ્યશ્રી જયંતમુનિ મ.સા.એ કહ્યું કે, મોક્ષના બે માર્ગ છે - (૧) ત્યાગ માર્ગ (૨) જલકમલ માર્ગ. મુનિ મહારાજોએ ત્યાગ માર્ગ અવધાર્યો છે જ્યારે પ.પૂ. પપ્પાજીએ જેમ કીચડથી ભરેલા જલમાં કમળ અલિપ્ત રહી પોતાના સ્વભાવમાં ટકી રહે છે તેમ કીચડરૂપી સંસારમાં પોતાના આત્મિક પુરુષાર્થમય નિજસ્વભાવના બળે અલિપ્ત રહી સંસારભાવથી મુક્ત થઈ મોક્ષનો માર્ગ અવધાર્યો છે. પેટરબાર વ્યાખ્યાન હોલ મધ્યે ઉપસ્થિત સંસ્થાના સર્વે મુમુક્ષુઓ તથા જૈનધર્મ પ્રેમીઓ પૂ. જયંતમુનિના પ્રમોદ ભાવનારૂપી વ્યાખ્યાનથી અત્યંત ભાવુક થયા.

પૂજ્યશ્રી પ્રેમ આચાર્યજી દ્વારા પરમ સત્સંગ

ત્યારબાદ પૂજ્યશ્રીએ પરમ કૃપાળુ દેવ રચિત આધ્યાત્મગ્રંથ 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી'ના પત્રાંક ૫૨૫ પર સત્સંગનો લાભ આપ્યો આત્મભાવ અને અન્યભાવની વિશેષ સમજણ આપતા કહ્યું, 'જો આ બે વસ્તુ જીવને સમજાઈ જાય તો એક અભણનો પણ મોક્ષ સંભવિત છે! આજ સુધી જીવે જે કંઈ કર્યું છે તે બધુ આત્મભાવથી વિરુદ્ધ કર્યું છે, માટે 'હું આત્મા છું'ની સમજણ લઈએ તો આત્મભાવ પ્રત્યે વળી શકાય એમ છે.'

બે મહાત્માઓના આ અદ્‌ભુત મિલન સમારોહમાં મુંબઈથી પધારેલ સંસ્થાના ટ્રસ્ટીગણ, કોલકાતા સેન્ટર અને જમશેદપુર સેન્ટરના અન્ય મુમુક્ષુઓએ ભાવપૂર્વક હાજરી આપી. ત્યાં બિરાજી રહેલા અન્ય મુનિ મહારાજ પૂ. નરેશમુનિ મ.સા. પૂ. ઓજસમુનિ મ.સા., પૂ. અરૂણમુનિ મ.સા., પૂ. સુરેશમુનિ મ.સા., પૂ. અરવિંદમુનિ મ.સા., પૂ. દર્શનાબાઈ મ.સા. પૂ. સ્વાતિબાઈ મ.સા. ઈત્યાદિના દર્શનનો લાભ લીધો. આમ બે મહાત્માઓનું આ મિલન ધર્મક્ષેત્રે એક અવિસ્મરણીય અને યાદગાર પ્રસંગરૂપ બની રહ્યું. ◆

જૈન ધર્મનો પગથાર

❖ સંકલન : ડૉ. સુચિતા દોશી, મુંબઈ

''જ્યાં લગી આત્મતત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જુઠી.''

ભક્ત કવિ નરસિંહ મહેતાની આ પંક્તિઓ આપણને એ જ કહી રહી છે કે આત્માને ઓળખવો અને પારખવો એ જ સાધનાની પરાકાષ્ઠા છે. જેને આત્માની નિર્મળતા અને વ્યાપકતા સંતુષ્ટપણે સમજાઈ ગઈ છે, અનુભવ થઈ ગયો છે, જેણે આત્મા પ્રાપ્ત કરી લીધો છે એવા સત્પુરુષના આશ્રયે જ્યારે જીવ આગળ વધે છે, ત્યારે જ ધીમે ધીમે સ્વચ્છંદ, માન જેવા દોષો ઓળખાય છે અને તેમના આશ્રયે જીવ તેને દૂર કરી શકે છે. તે આપણે આગળના પ્રકરણોમાં જોયુ.

આગળ વધતાં વધતાં જીવ જ્યારે ભુલ કરી બેસે, પાછો નીચે પડવા માંડે ત્યારે તે સદ્‌ગુરુ જ પાછો તેને સ્થિર કરે છે.

સિદ્ધસેન જ્યારે વૃદ્ધવાદીને ગુરુ તરીકે સ્વીકારી તેમની પાસે દીક્ષા લે છે ત્યારે ગુરુદેવ તેની પાત્રતા, બુદ્ધિ, ક્ષયોપક્ષમ, જિજ્ઞાસા જોઈને પોતાના જ્ઞાનના ભંડાર ખુલ્લા મુકી દે છે, ખૂબ ભણાવે છે. ઘણો શાસ્ત્ર સ્વાધ્યાય, ઊંડુ ચિંતન વગેરે કરે છે. તેની પરિપક્વતા જોઈને ગુરુદેવ સિદ્ધસેનને અલગ વિચારવાની શાસન પ્રભાવના કરવાની આજ્ઞા કરે છે.

સિદ્ધસેન ગુરુના કૃપાપાત્ર છે. ઘણો શાસ્ત્રાભ્યાસ કર્યો છે તેથી ધર્મના તત્વમાં ઊંડા ઉતરી શકે છે. તેના વક્તવ્ય અને વ્યક્તિત્વથી અનેક લોકો આકર્ષણ પામે છે, ધર્મના માર્ગે વળે છે. લોકચાહના મેળવનાર સિદ્ધસેનને રાજસભામાંથી કહેણ આવે છે, ''આપ રાજસભામાં પધારો.''

સિદ્ધસેન રાજસભામાં ધર્મબોધ આપે છે. રાજા આફરીન પોકારી જાય છે. આવા સુંદર પ્રવચન, આવી સુંદર રજુઆત! રાજા નિત્યક્રમથી રોજ આવવા વિનંતી કરે છે. રાજાની વિનંતીને માન્ય કરીને સિદ્ધસેન રાજસભામાં રોજ પ્રવચન પ્રભાવના કરી રહ્યા છે.

સત્કાર-પુરસ્કાર નામનો પરિષહ સિદ્ધસેનને હંફાવી ગયો. રાજા વિચારે છે પોતાના ગુરુદેવ ચાલીને આવે તે યોગ્ય ન કહેવાય, તેથી તેના માટે પાલખી મોકલે છે. રાજાના ચાર માણસો રોજ ગુરુદેવને પાલખીમાં લઈ આવે છે. જયનાદ ગુંજે છે, છડી પોકારાય છે. આ લપસિયા પગથિયે સિદ્ધસેન લપસી પડયા. જૈન સાધુનો આચાર પગપાળા જવાનો છે, પણ ભાનભૂલ્યા સિદ્ધસેન રાજસી ઠાઠથી પ્રમાદપૂર્વક જીવવા લાગ્યા. કાનોકાન આ વાતની ગુરુદેવ વૃદ્ધવાદીને ખબર પડે છે. પોતાનો શિષ્ય પતન પામ્યો છે, માટે તેને ઉપર ઉઠાવવો છે, ધર્મ માર્ગમાં સ્થિર કરવો છે. આમ, કલ્યાણની ભાવનાથી ગુરુદેવ જ્યાં સિદ્ધસેન છે ત્યાં પધારે છે.

સિદ્ધસેન ઠાઠથી પાલખીમાં બેઠા છે. ચારેબાજુ માણસોની ભીડ છે. કોઈ સવારી જઈ રહી હોય તેવા દૃશ્યને ગુરુદેવ નિહાળે છે. શિષ્ય દુર્ગતિમાં ન જાય તે માટે પ્રયત્ન તો અવશ્ય કરવો જ પડશે. ગુરુદેવ સ્વયં જે વૃદ્ધ થયા છે

તે એક માણસને ખસેડીને પાલખીને ઉપાડે છે, શિષ્યને સન્માર્ગે લાવવા.

ત્રણ સશક્ત અને એક અશક્ત વ્યક્તિ એમ ચાર દ્વારા ઉપાડાયેલી પાલખી સરખી રહેતી નથી, વારંવાર ડામાડોળ થાય છે. સિદ્ધસેન મગજ ગુમાવી દે છે. ગુસ્સાના આવેશમાં કહે છે, ''કિં તવ સ્કંધ બાધતિ?'' - ''શું તારો ખભો દુ:ખે છે?'' ત્યારે ગુરુદેવ હિત અને મિત ભાષામાં કહે છે, ''ન તથા મમ સ્કંધ: બાધતિ યથા બાધતિ બાધતે'' - ''મારો ખભો એટલો નથી દુ:ખતો જેટલો તારો 'બાધતિ' શબ્દ પ્રયોગ પીડા આપે છે.'' સંસ્કૃતમાં બાધ ધાતુ આત્મનેપદી હોવાથી બાધતે રૂપ બોલવું જોઈએ, બાધતિ એ ખોટું રૂપ છે.

સિદ્ધસેન વિચારમાં પડી જાય છે, આ જગતમાં આટલું શુદ્ધ વ્યાકરણ મારા ગુરુ સિવાય કોઈનું ન હોય. મારી ભૂલ હજુ સુધી કોઈ બતાવતું નથી, પાલખીમાંથી બહાર નજર કરે છે, આ કોણ બોલ્યું? અરે! આ તો મારા ગુરુદેવ છે.

''ગુરુદેવ આપ! મારી ભૂલ થઈ છે. હું માર્ગ ભૂલ્યો છું. આ રાજાની ભક્તિમાં પરમાત્માને ભૂલી ગયો. મારો ઉદ્ધાર કરવા આપે પાલખી ઉપાડી! આપ મારા કલ્યાણ મિત્ર બન્યા છો. મારા ભાવ પ્રાણની રક્ષા ગુરુદેવ, આપ તો કરુણાના સાગર છો.''

આ રીતે ભૂલનો એકરાર કરી સિદ્ધસેન પ્રાયશ્ચિત માંગે છે અને આત્મધર્મમાં સ્થિર બને છે.

આમ શિષ્ય ક્યારેક કર્મના ઉદયના કારણે અથવા નિમિત્તના કારણે ઉન્માર્ગે ચાલ્યો જાય છે ત્યારે એક માત્ર આત્મહિતની ચિંતાથી ગુરુ તેને સન્માર્ગે લાવે છે, ધર્મમાં સ્થિર કરે છે. દોરા વગરની સોય ખોવાઈ જાય તો પાછી મેળવવામાં ખૂબ મુશ્કેલી પડે છે અથવા મળતી જ નથી. પરંતુ સોયમાં દોરો પરોવેલો હોય તો શોધવામાં ઝાઝી મુશ્કેલી પડતી નથી. ગુરુ વગરના શિષ્ય દોરા વગરની સોય જેવા છે. તેમનું પતન થતાં, તેમને કોઈ પાછું સત્માર્ગે લાવનાર ન હોવાથી, પરિભ્રમણ વધી જાય છે.

આધુનિક શોધોના યુગમાં વૈરાગ્ય ભાવના થવી મુશ્કેલ અને તેને ટકાવવી અતિ મુશ્કેલ, પણ સદ્‌ગુરુ તો શિરછત્ર છે, સ્વાધ્યાયનો પુરુષાર્થ છે, હૃદયમાં ભક્તિ છે. તેમની આજ્ઞાનું પાલન કરવાની ઈચ્છા અને પ્રયત્ન છે તો તાકાત નથી કે ટીવી, ઈમેલ કે ઈન્ટરનેટ ચેટીંગ વેગેરે કોઈ સાધકનું પતન કરાવી શકે.

આપણે એવો પુરુષાર્થ કરીએ અને સાધનાના માર્ગે સ્થિર બનીએ. ◆

एक प्रेरणात्मक सत्य कथा

श्रीकान्त श्रेष्ठी

राजगृही नगरी में श्रीकांत नामक एक श्रेष्ठी था। वह दिन को व्यापार करता और रात्रि को चोरी करता था। एक बार बारह व्रत को धारण करनेवाला जिनदास नामक कोई श्रावक उस नगरी में आया। श्रीकान्त सेठ ने उसे भोजन के लिये आमंत्रण दिया। जिनदास ने कहा, 'जिसकी आजिविका का प्रकार मुझे ज्ञात न हो उसके घर मैं भोजन नहीं करता हूँ।" श्रीकान्त ने कहा, 'मैं शुद्ध व्यापार करता हूँ।" जिनदास ने कहा, 'आपके घरखर्च अनुसार आपका व्यापार दिखता नहीं है, तो जो सत्य हो वह कहो।" इसके बाद श्रीकान्त ने 'जिनदास परायी गुप्तता प्रकट करे ऐसा नहीं हैं" यों भरोसा पडने पर अपने व्यापार एवं चोरी की सत्य बात कही। तब जिनदास ने कहा, 'मैं आपके घर भोजन करूंगा नहीं क्योंकि मेरी बुद्धि भी तुम्हारे आहार से तुम्हारे जैसी हो जायेगी।" श्रीकान्त ने कहा, 'चोरी के त्याग बिना जो तुम कहोगे वह - धर्म मैं करूंगा।"

जिनदास ने कहा, 'तुम प्रथम व्रत ग्रहण करो कि असत्य बोलना नहीं। असत्य के बारे में कहा हैं कि तराजू में एक तरफ असत्य का पाप रखो और दूसरी ओर सर्व पाप रखो तो भी असत्य का पाप अधिक होता है। यदि कोई शिखाधारी, मुंडी, जटाधारी, दिगम्बर या वल्कलधारी लम्बे समय तक तपस्या करे तो भी यदि मिथ्या बोले तो चाण्डाल से निंदा करने योग्य होता है। और असत्य तो अविश्वास का कारण है और सत्य विश्वास का मूल कारण है तथा सत्य का अचिंत्य माहात्म्य है। लोगो में भी कहा जाता है कि द्रौपदी ने सत्य बोलकर आम्रवृक्ष को नवपल्लवित किया था। वह कहानी निम्न अनुसार है: हस्तिनापुर के राजा युधिष्ठिर के उद्यान में माध मास में अठ्यासी हजार ऋषि एक बार पधारे। राजा ने उनको भोजन के लिये निमंत्रण दिया। तब वे बोले, 'हे राजन्!" यदि आप आम्ररस से भोजन कराए तो हम भोजन करेंगे, वरना नहीं खायेंगे।" यह सुनकर राजा युधिष्ठिर चिंता में पड़ गये कि, 'यह आम्र की ऋतु नहीं है तो आम्रफल मिलेंगे कैसे ? इतने में आकस्मिक रूप से नारद मुनि वहाँ आ पहुँचे। राजा की चिंता को जानकर उन्होंने कहा, यदि आपकी पटरानी द्रौपदी सभा में आकर पाँच सत्य बोले तो इस बेमौके पर भी आम्रवृक्ष फलेगा।" राजा ने बात मान ली, द्रौपदी को सभा में बुलाया। नारद ने सती को पूछा, 'हे सती! पाँच पति से संतोष पानेवाली आप सतीत्व, सम्बन्ध, शुद्धता, पति प्रेम एवं मन में संतोष इन पाँच के बारे में जो सत्य हो वह कहें।" द्रौपदी असत्य से भय पाकर स्त्रियों की जो गुह्य बात थी वह सत्य - सत्य प्रकार से कहने लगी: 'हे मुनि! रूपवान, शूरवीर और गुणी ऐसे मेरे पाँच पति हैं फिर भी कोई बार छट्ठे में मन जाता है। हे नारद! जहाँ तक एकान्त, योग्य अवसर और कोई प्रार्थना करनेवाला मिलेगा नहीं तब तक ही स्त्रियों का सतीत्व हैं। स्वरूपवान पुरुष पिता, भ्राता या पुत्र हो तो भी उसे देखकर कच्चे पात्र में जल रीसता हो उस प्रकार स्त्रियों के गुप्तांग भीगते रहते हैं। हे नारद! जैसे वर्षा ऋतु का समय कष्टदायक है, यद्यपी आजिविका का कारण होने से सर्व को प्यारा लगता है, वैसे भरथार भरणपोषण करता है सो स्त्री को प्यारा लगता है। कोई प्रेम से प्यारा लगता नहीं है। सरिताओं से

समुद्र तृप्त होता नहीं है और सर्व प्राणियों से यमराजा तृप्त नहीं होता, उस प्रकार पुरुषों से स्त्री तृप्त नहीं होती।"

'हे नारद! स्त्री अग्नि के कुण्ड समान है, इससे उत्तम लोगों को स्त्रियों का संसर्ग छोड़ देना चाहिये।" इस प्रकार द्रौपदी पांच सत्य बोली, उसमें प्रथम सत्य पर आम को अंकुर फूटे, दूसरे सत्य पर पल्लव, तीसरे पर कोंपल और चौथे सत्य पर मंजरी और पाँचवें सत्य पर पक्के मधुर फल लग गये। यह देखकर सर्व सभासद प्रशंसा करने लगे। तत्पश्चात् आम्ररस से युधिष्ठिर ने सर्व मुनिओ को पारणा कराया।

इस प्रकार सत्य वचन की महिमा का लोक में और शास्त्र में वर्णन किया गया है। इस कारण हे श्रीकांत श्रेष्ठ! आप भी उस सत्य व्रत स्वीकारें।

अब श्रीकांत सेठ ने यह व्रत ग्रहण किया यद्यपि उनका चोरी का स्वभाव तो गया ही न था। एक बार श्रीकांत सेठ चोरी करने गये। वहाँ नगरचर्चा देखने निकले श्रेणिक राजा एवं अभयकुमार मिले। उन्होंने श्रीकांत को पूछा, 'तू कौन है?" उसने कहा, 'मैं स्वयं हूँ।" दुबारा पूछा, 'तू कहाँ जाता है?" श्रीकांत ने कहा, 'राज भण्डार में चोरी करने जा रहा हूँ।" पून: पूछा कि, 'तू कहाँ रहता है?" श्रीकांत ने कहा, 'अमुक मोहल्ले में।" फिर से पूछा, 'तुम्हारा नाम क्या है?" श्रीकांत ने कहा, 'मेरा नाम श्रीकांत है।" यह सुनकर श्रेणिक तथा अभयकुमार आश्चर्यचकित हो गये कि 'चोर इस प्रकार सच बोलता नहीं है। इसलिये यह चोर लगता नहीं है।" तत्पश्चात् वे आगे चले। वापिस लौटते समय श्रीकान्त राजा के भण्डार में से संदूक लेकर जा रहा था। उसे दुबारा श्रेणिक व अभयकुमार मिले। उन्होंने पूछा, 'यह क्या लिया है?" श्रीकान्त ने कहा, 'राजा के भण्डार में से यह रत्न का सन्दूक लेकर घर जाता हूँ।" ऐसा वाक्य सुनकर वे राजमहल में गये। प्रात:काल भण्डारी भण्डार में चोरी हुई जानकर दूसरी अनेक चीजों की हेराफेरी करके चिल्लाया और कोतवाल को तिरस्कार के साथ कहा, 'भण्डार में चोरी हुई है।" इस बात की राजा को खबर की गयी सो उसने भण्डारी को बुलाकर कहा, 'कोश में से क्या क्या गया है?" भण्डारी ने कहा, 'रत्न के दस सन्दूक गये है।" तत्पश्चात राजा ने मंत्री के सामने देखा और श्रीकान्त को बुलवाया और पूछा, 'रात्रि को तूने क्या क्या चोरी किया है?" श्रीकान्त ने देखा, रात्रि को दो मनुष्य मिले थे वे ही ये हैं तो उसने कहा: 'स्वामीन् ! आप भूल गये क्या? आपके सामने ही मैं मेरी आजीविका के लिये एक संदूक लेकर जा रहा था।" श्रेणिक राजा ने कहा, 'अरे चोर! तू मेरे पास भी सच बोलने में क्यों भय नहीं पाता हैं?" श्रीकान्त बोला, 'महाराज! प्राज्ञ पुरुषों को प्रमाद से भी असत्य नहीं बोलना चाहिये क्योंकि असत्य बोलने से प्रचण्ड पवन द्वारा गिरे वृक्ष की भाँति (सूकुत) भंग हो जाता है। और आप क्रोध पाओगे तो इस लोक के एक भव के सुख का नाश करोगे लेकिन सत्य व्रत का भंग करूंगा तो मुझे अनंत भव का दु:ख प्राप्त होगा।" इस प्रकार के उसके वचन सुनकर राजा श्रेणिक ने उसे सजा दी, 'जिस प्रकार तु सत्य व्रत पालता है, उस प्रकार दूसरे व्रत भी पाल।" श्रीकांत ने उसे स्वीकारा, सो राजा ने पूराने भण्डारी को हटाकर उस पद पर श्रीकान्त को रखा। क्रमानुसार वह महावीर स्वामी के शासन का श्रावक बना।

इस प्रकार श्रीकान्त चोर ने जिनदास श्रावक के वाक्य की दृढता से सत्य वचन रूप दूसरा व्रत लिया और पालन किया तो उसने इस लोक में ही इष्टफल प्राप्त किया। इस कारण भव्य प्राणियों को यह सत्यव्रत जरूर ग्रहण करना चाहिये। ◆

सौजन्य: जिन शासन के चमकते हीरे

બાર ભાવના

એકત્વભાવના

❖ **સંકલન : હર્ષા શાહ, મુંબઈ**

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

વિશેષાર્થ : શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે તે સ્નેહી, કુટુંબી, જાયા કે પુત્ર કોઈથી લઈ શકાતા નથી, એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે. એમાં કોઈ પણ ભાગીદાર થતું નથી. તેમજ પાપ પુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા જ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે; એવું સિદ્ધ કરીને વિવેકને ભલી રીતે જાણવાવાળા પુરુષો એકત્વને નિરંતર શોધે છે.

શ્રીમદ્ રાજચંદ્ર

આ એકત્વભાવનામાં કેન્દ્રસ્થ વિચાર એ છે કે આ પ્રાણી આત્માની નજરે એકલો જ છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. પોતાના કૃત્યોનો સ્વતંત્ર કર્તા, હર્તા અને ભોક્તા પોતે જ છે.

એકત્વ ભાવનાનું રહસ્ય 'અંદર' જોવામાં છે. એકત્વભાવના એટલે આત્મનિરીક્ષણ - તાત્વિક દ્રષ્ટિએ આંતરવિચારણા. આ વિચારણામાં આત્માનું અસંગીપણું, જ્ઞાન-દર્શન-ચારિત્રમયપણું, એકત્વ, અવિનાશત્વ વગેરે આત્મિક સર્વ બાબતોનો સમાવેશ થાય છે અને અનાત્મવસ્તુ પરભાવોની વિચારણા થાય છે.

જ્યાં પરભાવોની રમણતા થઈ અને તેને કારણે આત્મવિચારણા દૂર થઈ તો પછી સંસારમાં મમત્વ બંધાય છે અને આ ચક્કરમાં પડાય તો જીવ કર્મોથી ભારે થતો જાય છે. ત્યારે તે પોતાનું મૂળરૂપ ત્યજી દઈ, મોહમમત્વમાં પડી જઈ ન કરવા યોગ્ય કાર્યો કરી બેસે છે. આથી જ્ઞાનીઓ ભારપૂર્વક સમજાવે છે કે આત્મનિરિક્ષણ કરી ચેતનને એના મૂળ સ્વરૂપમાં શોધી તમારા હૃદયમંદિરમાં સ્થાપવાનો છે. પછી વિચારો કે તમે પણ એ જ છો, તેવા જ છો. એવા થવાની શક્તિ પણ તમારામાં છે.

માત્ર તમારે પરભાવના વિચારો છોડી દેવાના છે.

એકત્વભાવના સમજાવતી નમિરાજાની વાત ખૂબ જાણીતી છે. તે આ પ્રમાણે છે.

મિથિલા નગરીના નમિરાજાને પાંચસો રાણીઓ હતી. અપાર સમૃદ્ધિના તે માલિક હતા. એક દિવસ તેના શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો. વૈદોએ અનેક ઉપચાર કર્યા, પરંતુ તેનો દાહજ્વર શાંત ન થયો. શરીર ઉપર ચંદનનો લેપ કરવા બધી રાણીઓ ચંદન ઘસવા લાગી. રાણીઓના હાથ ઉપર અનેક કંકણો હતા. એ કંકણોના ઘર્ષણથી ખળભળાટ થતો હતો. એ ખળભળાટ નમિરાજાને સહન થતો ન હતો. આથી તેમણે કહ્યું, ''આ ખળભળાટ બંધ કરો.'' તરત જ રાણીઓએ સૌભાગ્યનું એક એક કંકણ રાખી બાકીના બધા કંકણો ઉતારી લીધા. આથી અવાજ બંધ થયો. આથી રાજાએ પૂછ્યું, ''હવે અવાજ કેમ બંધ થયો?'' રાણીઓએ જવાબ આપ્યો, ''સ્વામી, અમારા હાથ પર અનેક કંકણો હતા. એટલે પરસ્પર ઘર્ષણ થવાના કારણે અવાજ થતો હતો. અમે સૌભાગ્યનું એક એક કંકણ રાખીને બાકીના બધા ઉતારી લીધા, આથી અવાજ બંધ થઈ ગયો.''

રાણીઓએ આ વાત સહજભાવે કરી હતી, પરંતુ નમિરાજાએ આનો આધ્યાત્મિક અર્થ કર્યો. ''અનેકમાં સંઘર્ષ છે, એકમાં શાંતિ છે. અનેકમાં દુ:ખ છે, એકમાં સુખ છે, એકત્વમાં અને સમત્વમાં જ સુખ અને શાંતિ છે.'' ઝાઝા મળે ઝાઝી ઉપાધિ જણાય છે.

આ વૈરાગ્યની ધારામાં મિથિલા નરેશ નમિરાજાએ નિર્ણય કર્યો કે આવતીકાલે આ સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરવી. એમની સંસારત્યાગની દૃઢતા દેવરાજ ઈન્દ્રે તેના અવધિજ્ઞાનમાં જાણી. સંસાર ન છોડવા માટેના ઘણાં ઘણાં પ્રલોભનો આપ્યા, પણ પેલી વૈરાગ્યધારાથી એ પ્રલોભનો પણ પીગળી ગયા. દેવરાજ ઈન્દ્રને પણ નમિરાજાનો વૈરાગ્ય એ સાચો વૈરાગ્ય છે એ વાતની પ્રતીતિ થઈ ગઈ. નમિરાજા, ઈન્દ્રની કસોટીમાંથી પાર ઉતરી ગયા. તેઓએ નમિરાજાના ચરણોમાં ભાવપૂર્વક વંદના કરી. નમિરાજાને દેહ પણ જાણે સાથ આપવા સ્વસ્થ થઈ ગયો. પ્રાત:કાળે રાજા મુનિ બન્યા. આમ એકત્વભાવના ભાવતા નમિરાજા સંસાર ત્યાગી મુનિ થઈ શક્યા.

'અમૃતવેલી' કાવ્યમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ આ ઉપદેશ - પ્રેરણા આપી છે. મન-વચન-કાયાથી મુક્ત, કર્મોથી મુક્ત આત્મસત્તાનું ચિંતન કરવું.

હું મન સ્વરૂપ નથી, મન પૌદ્‌ગલિક છે, હું આત્મા છું. હું વચન સ્વરૂપ નથી, વચન પૌદ્‌ગલિક છે, હું આત્મા છું. હું શરીર સ્વરૂપ નથી, શરીર પૌદ્‌ગલિક છે, હું આત્મા છું. હું આત્મા છું, ચૈતન્ય સ્વરૂપ છું, કર્મોથી ભિન્ન છું. હું જ્ઞાનાત્મા છું, હું સ્વગુણ ભોગી છું.

આ રીતે સ્વગુણ ચિંતન કરતાં પોતાની વિશુદ્ધ આત્મસત્તા તરફ જોવાનું છે. ત્યારે જ નિર્મળ આનંદ તરફ ગતિ થશે.

આ પ્રકારે 'નિશ્ચયદ્રષ્ટિ'થી આત્માના એકત્વનું ચિંતન કરવાથી 'હું એકલો છું, મારું કોઈ નથી' એવી દીનતા નહીં આવે. 'હું એકલો આત્મા છું, હું પ્રભુ છું. હું અનંત સુખમય, જ્ઞાનમય અને આનંદમય છું' એ પ્રકારનું એકત્વ ચિંતવવાથી

દીનતા ઉત્પન્ન નહીં થાય પરંતુ આત્મવિશ્વાસ ઉત્પન્ન થશે. આત્મશ્રદ્ધા ઉપજશે. સાચા અર્થમાં આ આપણી ઓળખ છે. જ્યાં સુધી આત્માની ઓળખ ન થાય ત્યાં સુધી તપ-સંયમ પણ વ્યર્થ છે અને દુ:ખોનો, સંસારનો અંત પણ આવતો નથી.

'વેદાંત દર્શન'માં પણ કહેવામાં આવ્યું છે ''બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.'' બ્રહ્મ એટલે આત્મા. બ્રહ્મ જ એક સત્ય તત્વ છે. એના સિવાય બધું જ મિથ્યા છે, અસત્ય છે. એટલા માટે જગતની સાથે મમત્વ જોડવાની જ્ઞાનીપુરુષો મનાઈ કરે છે. જગત સાથેના ભાવાત્મક સંબંધો તોડવાના જ છે. બાહ્ય વ્યવહારમાં સંબંધો રાખવા પડે છે કારણ કે જગતની સાથે આપણે રહેવાનું છે પણ નિર્લેપભાવથી જ સંબંધો રાખવાના છે.

છેવટે અગત્યનું એટલું જ સમજવાનું છે કે જો આત્મતત્વની સાચી ઓળખાણ થઈ જાય તો પછી પરભાવનું કતૃત્વ રહેતું નથી. આત્મસ્વરૂપમાં રહેવું છે એટલે આત્મજ્ઞાનમાં રહેવાનું છે. પરપરિણતીમાં જો ગયા તો ધર્મ પણ ગયો અને સંસાર સાગરમાં ડૂબી ગયા. પરદ્રવ્ય, પરપર્યાયની રમણતા જ અધર્મ છે, પાપ છે, આ વાત આત્મજ્ઞાની સમજે છે.

આમ વિકાસશીલ આત્મા એકવાર સાચે રસ્તે ચઢી ગયો એટલે એને દિશા સૂઝી જાય છે અને પછી ધીમે ધીમે એને સંસારસાગરનો કિનારો પણ દેખાતો જાય છે. ◆

પ્રશ્નોત્તરી

Questions from Aspirants Answers by the Enlightened One



Q ગુરુની આજ્ઞા વગરનું વાંચન પરિભ્રમણનું કારણ કઈ રીતે બને છે ?

કોઈપણ જીવ પોતાની મેળે વાંચન કરે તો એની સમજણની મર્યાદા પ્રમાણે સમજણ મેળવે જેમ કે કોઈ પુસ્તક વાંચતા અમુક વસ્તુ સમજાય, ઘણી બધી ન સમજાતી હોય, જે નથી સમજાતી તે નથી સમજાતી એટલે પાના ફરી ગયા. જે સમજાય છે એ પાને પાને વાંચ્યા કરતાં હોવાથી તમે અજ્ઞાન અવસ્થામાં જે કંઈ જાણો છો એ જ વાંચ્યા કરો છો, પરંતુ જે નથી સમજાતું એ જ્યારે સમજાય તો કલ્યાણનું કારણ થાય.

અજ્ઞાન દશાને કારણે ગુરુનો આશય, જે ઉંડાણથી સમજાતો નથી, તે જ્યારે ગુરુ સમજાવે ત્યારે બુદ્ધિથી સમજણ લેતા જીવ ત્યાંનો ત્યાં જ રહે, પણ હૃદયથી જ્યારે સમજાય ત્યારે અંતરમાંથી એની મેળે જવાબ નીકળે જે સો ટકા સાચો હોય. ગુરુ જ્યારે જીવને સત્સંગ આપે છે ત્યારે કંઈક એવી પ્રક્રિયા કરે છે કે બુદ્ધિના સ્તરથી ધીરે ધીરે હટતા એ હૃદય સુધી જાય છે અને થોડા વખત પછી હૃદયથી સમજાય છે. બીજા શબ્દમાં આત્મા પોતે જ સમજણ લેવાનું શરૂ કરે છે. આવી સમજણ આવે પછી ભવોભવ સુધી ગોખેલું ન બોલાય, માટે જ કૃપાળુ દેવ કહે છે કે જ્ઞાની વગર આ મોક્ષમાર્ગ અસંભવ છે.

અનંતકાળના પરિભ્રમણનું કારણ આત્મપ્રાપ્ત ગુરુની ઓળખાણ ન થવી. મળ્યા ઘણીવાર છે પણ ઓળખ્યા નથી. એવા ગુરુનો દેહ મારા, તમારા

દેહ જેવો જ હોય એટલે ઓળખાણ ન પડે, પણ કોઈ વિચક્ષણ દ્રષ્ટિથી અવલોકન કરવામાં આવે તો જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે રહેલો તફાવત દ્રષ્ટિગોચર થાય અને સાચા જ્ઞાનીને ઓળખી શકાય. વિચક્ષણ દ્રષ્ટિ વગર આ ભેદ ત્રણે કાળમાં પકડાય નહીં. ચોવીસ તીર્થંકર હતાં ત્યારે પણ આપણે હતાં પણ આ મોક્ષના દાતા છે, સાક્ષાત મોક્ષ આપી શકે છે એવી સમજણ આપણી પાસે નહોતી. મહાજ્ઞાની છે એમ સમજાતા આપણે એમની પાસે માત્ર સંસાર જ માંગ્યો છે. શાસ્ત્રમાં જે લખેલું છે એ જ્ઞાનીનો અનુભવ તો લખેલો છે. પછી જ્ઞાનીને વાંચવાની ક્યાં જરૂર છે. પોતાનો અનુભવ કહે તો પણ સમજાય એવું છે.

Q આપની આજ્ઞા પ્રમાણે કોઈ ત્રીજી વ્યક્તિની વાત ન કરવાનો પુરુષાર્થ કરવો. આપણે તો ન કરીએ પણ સામેવાળો બોલતો જ જાય ત્યારે શું કરવું ?

આપણે સામાની કોઈપણ ચિંતા નહીં કરવાની. સામેવાળો જેટલું બોલતો હોય, બોલવા દયો. ભગવાને બે કાન એટલા માટે જ આપ્યા છે. એ બોલતો જ જાય અને એમ લાગે કે આપણે સાંભળીએ છીએ ત્યારે માથુ ફેરવી દઈએ તો ધ્યાન બીજે જતું રહે અને આપણે સાંભળતા ન હોઈએ. સામેવાળો બોલતો રહેશે અને એને લાગશે કે એને આપણે સાંભળીએ છીએ. જ્યારે એને એમ ખબર પડે કે આપણે એને સાંભળતા જ નથી તો સહુથી વધારે સારું, એની મેળે એ ચૂપ થઈ જશે. આ નાની મોટી યુક્તિ વિચાર કરવાથી આવશે. આ બધી જગ્યાએ વિચાર કરતાં શીખો.

Q આપણે રોજિંદા જીવનમાં જ્ઞાનના વિભાજનથી કેવી રીતે બચી શકીએ ?

રાગથી કે દ્વેષથી બચવું હોય તો રાગદ્વેષ ન કરો. જે વસ્તુ જેમ છે તેમ જોયા કરો. આટલા લોકો બેઠા છે તેનો એક શબ્દ વાપરવો હોય તો કહીશું કે સત્સંગીઓ બેઠા છે, તે સમગ્ર વાત થઈ, પણ જો નામથી ઓળખવા જશો તો જ્ઞાન ખંડીત થઈ ગયું સમજો. એવી રીતે કુટુંબની અંદર જેટલા કુટુંબીજનો છે, આ મારા પિતા છે, પુત્ર છે વિગેરે તેના કરતાં એક જ લક્ષ રહે કે આ બધા કર્મને આધિન જીવો છે, તો એક જ વાક્ય થયું. જ્યાં પાંચ વાક્ય બોલાતા હોય ત્યાં એક વાક્ય બોલી તેને પકડી રાખો. માતા-પિતા, ભાઈ-બહેન જે કંઈ છે એ ઉદય કર્મ છે અને છૂટવું હોય તો આ બધા આત્મા છે તે સમગ્ર દ્રષ્ટિ થઈ. એક વચનની અંદર પાંચ વચન સમાવી લીધા તો સમગ્ર દ્રષ્ટિ થઈ કહેવાય. ◆

વિશેષ અહેવાલ

મેરા યોગદાન - ગૌરવ

તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૫ના દિવસે શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્ત્વ રીસર્ચ સેન્ટર, પર્લી - રાજનગર ખાતે સવારથી જ ઉત્સવનું વાતાવરણ હતું. પ્રસંગ હતો 'મેરા યોગદાન'માં અનુદાન આપનાર વિવિધ દાતાઓના નામની તક્તીના લકી ડ્રો નો આ ગૌરવનો પ્રસંગ દરેક દાતા માટે હતો.


શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટરનું મુખ્ય ધ્યેય છે સાધકોની આત્મોન્નત્તિનું. એ સિવાય પર્લી આજુબાજુના આદિવાસી, પછાત ગામડાઓમાં શૈક્ષણિક, વૈદકીય સહાય અને સ્ત્રીઓને આર્થિક રીતે પગભર બનાવવાનું ભગીરથ કાર્ય સંસ્થાના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવે છે. એ માટે ત્યાં પ્રાથમિક શાળાનું નિર્માણ થયું છે અને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તરે શરૂ કરવામાં આવશે. એ સિવાય સ્ત્રીઓ માટે સા-નિ-સા છે જેમાં ખાખરા, વિવિધ પ્રકારના નાસ્તા અને હસ્તકલાની વિવિધ વસ્તુઓ વિગેરે બનાવતા શિખવાડવામાં આવે છે, જ્યાં સ્વમાનભેર કાર્ય કરીને સ્ત્રીઓ આર્થિક રીતે પગભર થાય છે. આ ઉપરાંત શ્રી રાજ મેડિકલ સેન્ટર દ્વારા લોકોના આરોગ્યનું ધ્યાન રાખવામાં આવે છે. આ બધા કાર્યો માટે આર્થિક અનુદાન 'મેરા યોગદાન' દ્વારા એકત્રિત કરી દાતાઓના ગૌરવનો આ વિશેષ પ્રસંગ આયોજવામાં આવ્યો હતો.

પ્રોગ્રામની શરૂઆત શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીતથી કરવામાં આવી. ત્યાર બાદ અમુક શિક્ષક-શિક્ષીકાઓ, સા-નિ-સામાં કાર્ય કરી આર્થિક રીતે પગભર થનાર સ્ત્રીઓ અને શ્રી રાજ મેડિકલ સેન્ટરમાં સારવાર પામી ધન્યતા અનુભવતા દર્દીઓએ પોતાના અનુભવ અહોભાવરૂપે વ્યક્ત કર્યા. બધાની અનુભવવાણીમાં પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજી માટેનો અહોભાવ સ્પષ્ટ હતો.

ન હસકે સીખા હૈ, ન રોકે સીખા હૈ,
હમને તો બસ આપકા હો કે સીખા હૈ.

પછી તાળીઓના ગડગડાટ વચ્ચે મેરા યોગદાન- ગૌરવનો ડ્રો સંપન્ન થયો. તદ્ ઉપરાંત હાજર રહેલ ઘણા લોકોમાંથી કેટલાકે ત્યારે જ પોતાના શિઘ્ર અનુદાનના ભાવ વ્યક્ત કર્યા. આમ ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો.

કાર્યક્રમના અંતે **પૂજ્યશ્રીએ** આર્શિવચન ઉચ્ચારતા કહ્યું કે, ''જ્ઞાની તો આશિર્વાદ હંમેશ આપે છે પણ એ પ્રમાણે જીવ પુરુષાર્થ કરતો નથી એટલે જ અત્યાર સુધી તીર્થંકરોએ આપેલા આશિર્વાદ ફળ્યા નથી અને આપણે પરિભ્રમણમાં ભટક્યા કરીએ છીએ. પ્રાપ્ત થયેલ મનુષ્યભવનું સાફલ્ય શું ? એ વિચારવા જેવું છે. અનાદિકાળથી ચાર ગતિમાં ભટક્યા કરીએ છીએ પણ આજ દિવસ સુધી



'હું કોણ છું' એ જાણ્યું જ નથી. પુરુષાર્થ કરવા માટે પ્રથમ જરૂરી છે આ 'સ્વ'ને જાણવું. ત્યાં સુધી ભૂલ સુધરશે નહીં.

જો 'હું આત્મા છું' તો મારો પુરુષાર્થ કેવો હોવો જોઈએ? સંસારમાં જેણે ઘણી સિદ્ધી કમાવી હોય કે ધન કમાવ્યું હોય એને લાગશે કે આ દુનિયામાં મારાથી વધુ હોંશિયાર કોઈ નથી. આ અભિમાન ભવિષ્યના તિર્યંચ જન્મની તૈયારી છે.

આ રીસર્ચ સેન્ટરમાં 'હું આત્મા છું'ના મૂળ તત્વ ઉપર લક્ષ કેન્દ્રિત કરવાનું પ્રયોજન શિખવાડાય છે. જ્યારે સમજાશે કે, 'હું આત્મા છું' ત્યારે સમજાશે કે મારે મારા આત્માને પરિભ્રમણથી બચાવવો છે. આત્મધર્મ કરનારા પુરુષાર્થીને ચોક્કસ આશિર્વાદ ફળે છે. ત્યારે તમારો આત્મા તમને પોતાને કન્ફર્મેશન આપશે અને આત્માની અનુભુતિ અવશ્ય થશે.''

પૂજ્યશ્રી નિલેશભાઈએ સમાપન કરતાં કહ્યું કે, ''આત્માની સમજણ પડતાં દ્રષ્ટિ ખુલી જાય છે. આ રીસર્ચ સેન્ટર મારું છે એવું લાગવું જોઈએ. જે સત્‌સમજણ મને મળી છે એ બીજા જીવોને હું આપુ અને જગતના સર્વ જીવોને આની પ્રાપ્તિ થાય આવા ભાવથી બધાએ 'મેરા યોગદાન' કરવાનું છે.''

અંતે પ્રીતિભોજન કરી સહુ છૂટા પડ્યા.. હૃદયમાં એક ગૌરવ લઈને... કે 'હું આત્મા છું, આ આશ્રમ મારો છે' ◆



અખાના છપ્પા

❖ હેતલ દોશી, મુંબઈ

પાછલા અંકમાં આપણે જોયું કે જીવને જ્યાં ગુરુપદ મળી ગયું ત્યાં પછી જીવને ''હું જાણું છું, હું સમજું છું'' રૂપ અભિમાન હોય જ. ત્યાં આત્માનો અનુભવ નથી અને માત્ર શાસ્ત્રજ્ઞાનના આધારે મળેલું ગુરુપણું જીવના પતનનું કારણ થાય છે અને એના શરણે આવેલા જીવો પણ એમને જ અનુસરતા હોવાથી સત્થી, મોક્ષમાર્ગથી વિપરિત માર્ગ ગ્રહણ કરી, ''હું ધર્મ કરું છું'' એમ માને છે અને જીવનું પરિભ્રમણ વધે છે.

*કોઈ સમર્થ પુરુષનું માર્ગદર્શન ન હોવાથી જીવ વિદ્યાઅભ્યાસ કરીને પણ દેહાધ્યાસ ઘટાડવાને બદલે અભિમાન કરી દેહાધ્યાસ પાકો કરે છે અને કર્મથી હલકા થવાને બદલે નવા કર્મ બાંધી ભારે થાય છે - **''એમ હલકેથી ભારે થાય, આત્મજ્ઞાન સમૂળું જાય.''***

સૂતર આવે ત્યમ તું રહે,
(પણ) જ્યમત્યમ કરીને હરિને લહે,
વેશ-ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી,
અખા કૃત્યનો ચઢે કષાય, રખે તું કાંઈ કરવા જાય (૫)

શબ્દાર્થ : સૂતર એટલે સુતરું અથવા માફક આવે તેવું; લહે એટલે મેળવ, પામ, ઓળખ, ટેક એટલે પ્રતિક્ષા, પણ ; કષાય એટલે આવરણ.

વિશેષાર્થ : સાધનને જ ધર્મ માને છે અને સાધનથી જે સાધ્ય કરવાનું છે એ સાધક ભૂલી જાય છે.

જીવ અનંતકાળથી પરિભ્રમણમાં છે અને જ્યારે જ્યારે મનુષ્ય દેહ મળ્યો ત્યારે ત્યારે કંઈક ને કંઈક ધર્મના અનુષ્ઠાન દ્વારા જીવે ધર્મ કર્યાનો મિથ્યા આનંદ લીધો છે પણ હજી પરિભ્રમણનો અંત નથી આવ્યો કારણ કે મિથ્યાત્વ એમ ને એમજ રાખ્યું છે અને પુરુષાર્થનો પ્રોસેસ પણ એમજ છે. મિથ્યાત્વ, અવિરતી, કષાય, પ્રમાદ અને યોગ, જે કરવું હોય તેમ હે જીવ તું કરજે, પણ સૌ પ્રથમ 'હું આત્મા છું' અને પરમ આત્મા, પરમાત્મા / હરિ થઈ શકું એમ છું એ દૃઢ નિશ્ચય કરી પોતાને ઓળખ.

પોતાને ઓળખ્યા વગર કરેલા ગમે એટલા વ્રત, તપ કે વેશ પરિવર્તન

એ સાંકડી અજાણી ગલીમાં ભૂલા પડ્યા જેવું છે કે જ્યાંથી પાછું ગંતવ્ય પર પહોંચવું મુશ્કેલ છે.

પૂજંતાં પ્રતિમા ગુણ સેહેજ,
(પણ) બોલતી મૂરતમાંહાં હરિ છે જ,
જડ મૂરત મુખ બોલે નહીં,
ચૈતન્ય કહે તુજ સેવા સહી,
પંડ ન જોઈશ, જોજે વસ્ત,
અખા મળે હરિ હસ્તે હસ્ત (૭૪)

શબ્દાર્થ : પ્રતિમાઃ ભગવાનની મૂર્તિ; બોલતી મૂરત : સંત, વિચરતા જ્ઞાની, સહીઃ સાચી; પંડઃ દેહ, શરીર; વસ્તુ : વસ્તુ, આત્મા ; હસ્તે હસ્ત : હાથોહાથ, જલ્દી, ત્વરાથી.

વિશેષાર્થ : પૂજંતાં પ્રતિમાં ગુણ સેહેજ

ભગવાનની મૂર્તિ, ચિત્રપટ એ ભગવાનના ગુણો, સ્થિરતા, શાંતિ, વિતરાગતા, નિર્મોહતા, નિર્લોભતા, અડોલપણુ, અકંપપણું, રાગ - દ્વેષ રહીતતા, આનંદ, કરૂણા, વિ. છે એવા અનંતા ગુણોના ધારક ભગવાન છે.

જીવ દેરાસર કે મંદિરમાં જઈ ભગવાનના ગુણગાન કરે કે, પ્રભુ તમે નિરાધારના આધાર છો, શાંતિના દાતાર છો, સર્વ પાપોનો નાશ કરાવનાર છો, તેમજ મારા મોક્ષના દાતાર છો વિગેરે. છતાં ક્યારેય ભગવાન ભક્તની ભક્તિથી ફૂલી નથી જતા, કે વાહ! હું કેવો મહાન છું. ભગવાન શાંત અને સ્થિર જ હોય છે.

તો વળી કોઈ જીવ પોતાના કર્મોથી થાકી કંટાળી જઈ ભગવાન પાસે કકળાટ કરે કે, હે ભગવાન! હું તારી નિયમિત ભક્તિ કરું છું છતાં તું મારું ધ્યાન નથી રાખતો, મારા દુઃખ દૂર નથી કરતો, મારી આધિ-વ્યાધિ - ઉપાધિ ઓછી નથી થતી, એક સાંધુ ત્યાં તેર તૂટે એવી મારી સ્થિતિ શું તારી જાણ બહાર છે ?

નરસિંહ મહેતાના તેં પરચા પૂર્યા, કેટલી સહાય કરી અને મને કંઈ નહીં! પણ જીવ ત્યાં નરસિંહ મહેતાની નિષ્કામ ભક્તિ ભૂલી જાય છે.

આવા જીવને પણ ભગવાનની મૂર્તિ ક્યારેય એમ નથી કહેતી કે, કર્મ કરતી વખતે પાછું વાળીને નહોતું જોયું કે ત્યારે મને યાદ કર્યો હતો ? અને હવે જ્યારે ફળ ભોગવવાનો વારો આવ્યો છે ત્યારે દુઃખ સહન ન થતાં ભગવાન મને બચાવો, આ દુઃખમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવોની પોકાર કરતો આવ્યો છે! ભગવાનની મૂર્તિ શાંત, સ્થિર, અડોલ, અકંપ જ રહે છે.

વળી, કોઈ જીવ ભગવાનને સારામાં સારા વસ્ત્ર આભૂષણ કે આંગી ચઢાવે કે કોઈ જીવ ભગવાન પર હલકી કે ગંદી વસ્તુ નાંખે તો પણ ભગવાન બે માંથી એકે ને કંઈજ પ્રતિકાર નથી આપતા એટલે કે ન રાગ કે દ્વેષ. બન્ને જીવો પ્રત્યે તટસ્થ હોય. એ પોતાના સ્વભાવમાં જ સ્થિર હોય છે.

આવા અનંતા ગુણોથી ભરપૂર ભગવાનની પ્રતિમા, મૂર્તિ હોવા છતાં જીવ એ મૂર્તિ પાસેથી જોઈએ એવું બળ નથી મેળવી શકતો, કારણ કે જીવને એક એવી ફીલીંગ હોય જ છે કે એ ભગવાન છે માટે એ શાંત, મૌન, સ્થિર, અડોલ, અકંપ રહી શકે પણ હું પામર છું; પાપી છું, કર્મોથી ખરડાયેલો છું માટે હું કંઈ ન કરી શકું.

પણ આવા સમયે જીવને જીવતા જાગતા સંત - જ્ઞાની પુરુષ જે ભગવાન જ છે (કારણ કે તેમણે ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે પણ અઘાતી

કર્મોના કારણે દેહ છે અને દેહની દરેક ક્રિયા પણ છે) અને દરેક કર્મના કારણે થતી દેહની ક્રિયામાં એમનો આત્મા કેવી રીતે આત્મભાવમાં રહે છે એ પ્રત્યક્ષ જોવા મળે છે માટે જીવને એ જબરદસ્ત પ્રેરણાસ્તોત્ર બની રહે છે. માટે અખાજી કહે છે **બોલતી મૂરતમાંહાં હરિ છે જ.**

દેહધારી પરમાત્મા એટલે બોલતી મૂરત. એ હરિ જ છે. એવું જીવને જ્યારે મહેસુસ થાય, હૃદયના ઊંડાણથી, વિનમ્રભાવથી અને આ હરિને જ્યારે આધિ, વ્યાધિ અને ઉપાધિના પ્રસંગમાં પ્રત્યક્ષ સમાધિમાં રહેતા જોવાનો લ્હાવો મળે તો જીવને એ બળવાન પુરુષાર્થનું નિમિત્ત બને છે.

કારણ કે જીવ અવલોકનથી શીખે છે અને જ્યારે મારી જેમ જ દેહધારી પરમાત્મા છે, એમને પણ શરીરની દરેક ક્રિયા પૂર્વ કર્મના કારણે છે છતાં તેઓ કર્મથી છૂટે છે અને જીવને આત્મવિશ્વાસ આવવા લાગે છે. If He can do it, I can do it, I will do it.

અનંતકાળથી કર્મબંધ કરી પરિભ્રમણ કર્યું. હવે જ્ઞાની પુરુષ મળી જતાં અનંતકર્મથી કેમ છૂટવું એ મુક્તિનું રહસ્ય જીવને જ્ઞાની પુરુષની ઓળખાણ થતાં, જ્ઞાનીનું જ્ઞાનીપણું સમજાતાં સમજમાં આવે છે.

બાહ્યથી દેખાતી ક્રિયા મારી પણ છે અને હું બંધાઉં છું એવું કેમ? કર્મના સિદ્ધાંત તો બધા માટે સરખા હોય. ભગવાન માટે કંઈ અપવાદ ન હોય, તો દેહધારી પરમાત્મા એવું શું કરે છે કે એ ક્રિયા એમની મુક્તિનું કારણ બને છે!

બસ, આ એક જ વિચારથી જીવને મુક્તિનો માર્ગ મળી જાય છે. ◆

(ક્રમશ:)

સોહામણું સત્ય

લક્ષ્મણની માગણી

રામ, લક્ષ્મણ અને સીતા અરણ્યના એકાંત માર્ગ પર ધીરેથી પગલા ભરતાં અને આજુબાજુના અવનવા આલ્હાદક દ્રશ્યને જોતાં ચાલ્યા જાય છે.

વિધિની વિચિત્રતા પણ કેવી છે ?

જેની સ્વપ્ને પણ કલ્પના નહોતી તે વસ્તુ સામે આવીને ઊભી રહી.

મંથરા અને કૈકેયી એમાં નિમિત્ત બની.

અયોધ્યાની રાજગાદી પર રામનો અભિષેક થવાનો હતો તેને માટેની બધી જ તૈયારીઓ થઈ ચૂકેલી. તીર્થોના સુવાસિત દિવ્ય પાણી પણ આવી ગયેલા. અયોધ્યામાં સર્વત્ર સજાવટ કરવામાં આવેલી. પ્રજા આનંદમાં આવી ગયેલી. રાજભવનમાં કૈકેયી સાથે સૌની પ્રસન્નતાનો પાર નહોતો, પરંતુ ત્યાં તો એક રાતમાં જ બધીયે બાજી બદલાઈ ગઈ.

કૈકેયીએ રાજા દશરથ પાસે વરદાન માંગ્યું ને રામને રાજ્યાભિષેકને બદલે વનવાસ મળ્યો.

રામે માતા કૈકેયી તથા પિતા દશરથની ઈચ્છાને વધાવી લીધી ને વનવાસ માટે પ્રસ્થાન કર્યું. લક્ષ્મણ તથા સીતા પણ એમની સાથે ચાલ્યા.

અયોધ્યાના નર-નારી વિધિની એ વિચિત્રતાનો વિચાર કરીને, રામ, લક્ષ્મણ અને સીતા પ્રત્યેના પ્રખર પ્રેમથી પ્રેરાઈને શોક તથા વિલાપ કરવા લાગ્યાં, પરંતુ રઘુકુલતિલક રામ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એવાં જ શાંત અને સ્વસ્થ રહ્યા. રાજ્યના સુખોપભોગનો એમને મોહ ન હતો, હર્ષ ન હતો ને વનવાસનો શોક નહોતો.

રાજભવનના સુવાસિત પલંગ પર શયન કરનાર ને ઉઘાડી પૃથ્વી પર પગ ન મૂકનાર રામ, લક્ષ્મણ અને સીતા જમીન પર ઉઘાડા પગે ચાલવા લાગ્યા ને વૃક્ષોની નીચે તૃણ પર સુવા માંડયા. લક્ષ્મણે તો રામ તથા સીતાની સેવાનું વ્રત લીધું હોવાથી સુએ જ ક્યાંથી? વનમાં આખીયે રાત જાગીને એ રામ-સીતાની રક્ષા કર્યા કરતા.

કેવું કઠોર જીવન હતું ? છતાં એમને તો આમાં આનંદ જ લાગતો.

અરણ્યના અવનવા સુંદર દ્રશ્યોને નિહાળતા ત્રણે આગળ ને આગળ વધતાં જતાં.

સૌથી આગળ રામ ચાલતા, પાછળ સીતા ને સૌથી પાછળ લક્ષ્મણ.

ઘાસથી છવાયેલી ઝાંખી દેખાતી નાની પગદંડી પર ત્રણે ધીમે પગલે ચાલ્યા કરતાં.

વચ્ચે વચ્ચે રામ સીતાને માર્ગમાં મળતાં સુંદર ઝરણા, પ્રકૃતિના ખોળામાં ખીલેલા રંગબેરંગી પરિમલ ભરેલા પુષ્પો ને વૃક્ષો બતાવતા.

સીતા તે રસપૂર્વક જોયા કરતી.

કેટલાક પદાર્થો સંબંધી તે કુતૂહલ બતાવતી

ત્યારે રામ તેના કુતૂહલને જરૂરી સમજ પૂરી પાડીને શાંત કરતા.

એ બધા વખત દરમિયાન લક્ષ્મણ વારંવાર એક પ્રકારની ઊંડી અસ્વસ્થતાનો અનુભવ કરતો.

એની અસ્વસ્થતાનું કારણ જરાક જુદું હતું.

સીતા એની તથા રામની વચ્ચે ચાલતી હોવાથી રામના રસમય હૃદયાભિરામ, સુંદર સ્વરૂપને એ સારી પેઠે જોઈ શકતો નહીં એને લીધે એ જરા બેચેન બનતો.

એકવાર તો પોતાની બેચેનીની વાત એણે સીતાને કહી બતાવી પણ ખરી ને વિનવણી કરી.

'રામનું સુધામય સુખકારક સ્વરૂપ નથી જોતો તો મને કાંઈનું કાંઈ થઈ જાય છે. એમના પ્રત્યેના પ્રખર પ્રેમ અને અસીમ આકર્ષણને લીધે મારું દિલ દુઃખી થાય છે.'

'તો પછી? હું શું કરું?' સીતાએ પૂછ્યું.

'તમે એક કામ કરી શકો છો. મારી લાગણીનો ખ્યાલ રાખીને તમે મારી ને રામની વચ્ચેથી વારંવાર હઠી જાવ અને એવી રીતે મને રામના દૈવી દર્શનનું અમૃતરસ પાવ તો સારૂ. રામનું દર્શન કરીને મારી આંખ આનંદ અનુભવે ને મારું અંતર કૃતાર્થ બને.'

લક્ષ્મણની લાગણી કે માગણી સમજતાં સીતાને જરા પણ વાર ના લાગી.

પછી તો સીતા અવારનવાર રસ્તાની બાજુએ ખસી જતી ને લક્ષ્મણ રામના સુંદરતાના સંપુટ જેવા સ્વરૂપની ઝાંખી કરીને ધન્ય બનતો.

રામાયણનો એ પ્રસંગ ઉપરથી જોતાં ઘણો સાધારણ હોવા છતાં માર્મિક છે. જીવનના આ પુણ્ય પ્રવાસમાં પણ એવું જ છે! લક્ષ્મણને જીવ ને રામને શિવ માનીએ તો કહી શકાય કે જીવ પણ પોતાના આ પુણ્યપ્રવાસમાં શિવનો સાક્ષાત્કાર કરવા માંગે છે, પરંતુ એ સાક્ષાત્કાર એને થાય કેવી રીતે? જીવ તથા શિવની વચ્ચે આવરણ એક અવિદ્યાનું, વિષયોના આકર્ષણનું, કર્મસંસ્કારોના સમૂહનું કે લોકસમુહમાં પ્રચલિત ભાષામાં કહીએ તો માયાનું છે એ આવરણ હઠી જાય તો શિવની ઝાંખી જરૂર થઈ શકે ને સારી પેઠે થઈ શકે. પ્રકૃતિના એ આવરણને દૂર કરવા માટે જ જુદી જુદી તપશ્ચર્યા તથા સાધના છે. એના બળથી કે પરમાત્માના પરમ અનુગ્રહથી માયા પોતે જ જો સાધકના માર્ગમાંથી હઠી જાય તો સાધકની મહેચ્છા પૂરી થાય ને સાધના કૃતાર્થ બની જાય. એને માટે સાધકના દિલમાં લક્ષ્મણ જેવી ઉત્કટ લાગણી જોઈએ. ◆

प्रेरक प्रसंग

कटुता का त्याग

एक राजकुमार स्वभाव से बहुत उद्दंड और दुष्ट प्रकृत्ति का था। प्रजा के साथ राजा भी अपने बेटे की करतूतों से परेशान था। एक बार उसके राज्य में गौतम बुद्ध धर्मोपदेश के लिए आये। राजा ने बुद्ध से राजकुमार को सुधारने के लिए कोई उपाय पूछा।


बुद्ध ने राजकुमार को अपने पास बुलाया और पास ही लगे पौधे से कुछ पत्तियाँ तोड़कर खाने को दी। राजकुमार ने पत्ती खाई तो वे बहुत कड़वी थी। अब उसके क्रोध का ठिकाना नहीं रहा। गुस्से में उसने पौधे को ही उखाड़कर फेंक दिया।

तब मुस्कराकर बुद्ध ने राजकुमार से पूछा - "क्यों उखाड़ फेका?"

राजकुमार ने जवाब दिया - "यह पौधा बहुत कड़वा था, आगे चलकर विभक्त पेड़ हो जाता, इसलिये इसे आज ही उखाड़ देना चाहिये।"

बुद्ध ने कहा - "और तुम सब लोगों से कड़वा व्यवहार करते हो, उसे देखकर वे तुम्हारे साथ ही करे तो?"

राजकुमार को बहुत ग्लानि हुई। वह विनम्रता की प्रति पूर्ति बन गया।



THE READER'S FORUM

❖ **Contributed by a Reader**

THE SAINT WHO LED AN ARMY

Once upon a time, the king of Taxshila was attacked by a powerful enemy. Seeing the huge army of the opponent, the commander of Taxshila's army lost his confidence and told the king, "O King, the enemy's army is huge and well armed. It is better to surrender without a fight."

Hearing this, the king became very sad and worried. A saint of Taxshila came to know about this situation. He approached the king and said firmly, "Let the commander of the army be immediately removed, I will myself lead the army in this battle."

Now, the king was in a dilemma for a while, but considering that an honorable fight is better than surrender, he finally gave his consent.

The saint took charge of the army and marched ahead.

There was an old temple on their way.

The saint said to the soldiers, "let us visit the temple and ask God about the outcome of this battle". They went in and the saint tossed a coin, saying, "If it is a tail the victory shall be ours!" And tail it was! Knowing that they had the Divine approval, the soldiers fought valiantly with full confidence and won.

Everyone said this is the result of the blessings from the temple's God. But, the saint smiled mysteriously.

He showed the coin he had tossed to them. It had tail mark on both the sides.

The saint said, "The victory is the result of your own self confidence and valor. God helps those who help themselves!" ◆

EFFECT OF KING'S COMPANY

A long time ago a poor Brahmin deposited his money with a merchant. He thought that when his little daughter will grow up, he will use the money and its interest for her marriage.

Many years passed by.

He now went to the merchant to claim his money. But he was shocked to find that the merchant refused even to recognize him, and said, "You never deposited any money with me".

"The poor Brahmin took his complaint to the King. The King could not take any direct action against the merchant due to lack of evidence, but he thought of a plan.

It was announced that next day there will be a great royal procession passing through the main streets of the city. The King told the poor Brahmin, "You should wait for my procession, near the merchant's house.

"The next day everyone lined up along the streets to witness the royal procession and greet the King. When the procession reached the merchant's house, the King suddenly ordered it to halt. The King then addressed the poor Brahmin as Guruji, and requested to sit beside him and then the procession continued.

The King dropped the Brahmin after sometime. The wicked merchant saw all this and trembled with fear.


"Oh dear! This Brahmin is King's Guru", he thought, "If he complains against me, I will be in big trouble" The merchant immediately searched for the Brahmin and said, "I am sorry. Due to some mistake in the accounts your money was not traceable. Now, I have found out that you had actually deposited the money with me. Please forgive me."

The merchant gave back all the money along with the interest. He also gave lots gifts for the marriage of the Brahmin's daughter.

Then the Brahmin thought, "Sitting near the King for a very short while has achieved so much. Then sitting near God - who is the King of all Kings can surely work wonders."

True prayer and meditation is surely like sitting near God. ◆

तत्त्व पहेली (માર્ચ- ૨૦૧૫)



આડી ચાવીઓ :

૨) ..... વડે તત્વની સિદ્ધિ છે. (૩)

૩) ..... સરળ છે પ્રાપ્તિ દુર્લભ છે. (૨)

૪) ..... તે સર્વ કર્મનો ક્ષય થવો તે. (૨)

૭) સાચી સમજણ તે ..... છે. (૨)

૯) સર્વ જીવોની નિગોદથી લઈ એકેન્દ્રિયથી પંચેદ્રિય સુધીના સર્વ જીવોની સાચા હૃદયથી ..... કરવી યોગ્ય છે. (૪)

૧૦) જે સંસારને વિશે કર્તા તરીકે મનાય છે, અને રહે છે ..... ભાવે તે બેધારી તલવાર પર ચાલવા બરાબર છે. (૨)

૧૧) ..... સંસારમાં રહ્યા છતાં અસંગ રહી શક્યા એ જોકે મોટુ આશ્ચર્ય છે. (૬)

૧૪) ..... અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે..... વેદ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. (૩)

૧૫) ..... નું બળ કર્મો કરતાં વધારે છે. (૪)

ઊભી ચાવીઓ :

૧) .....થી તત્વ સિદ્ધિ છે. (૨)

૨) ગમે તેટલી ..... ઓ આવી પડે તથાપિ જ્ઞાની દ્વારા સંસારિક ફળની ઈચ્છા કરવી યોગ્ય નથી. (૩)

૩) ..... એ ઠગનારી છે (૨)

૪) અહો ! સત્પુરુષના વચનામૃત ..... અને સત્ સમાગમ (૨)

૫) જગતમાં.....ન હોત તો અહીં જ મોશ હોત (૨)

૬) મહાત્મા ..... અને નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક અને સર્વોત્કૃષ્ટ હતી. (૩)

૮) જગતમાં માન ન હોત તો અહીં જ ..... હોત(૨)

૧૦) જેને આત્માનો..... કરવો છે એ ઉંડા વિચાર કરે જ. (૪)

૧૨) સર્વ વીતરાગને પરમ ભક્તિએ ..... હો. (૪)

૧૩) બુદ્ધિ બે પ્રકારે છે સમ્યક્ અને ..... (૪)


HEALTH TO HAPPINESS

Dietician Utsavi Chheda
Mumbai


Move it or Lose it

Is Posture really that important? Through the years you may have heard the phrase “sit up straight!” or “Don’t hunch over!” Maintaining healthy posture is significant to each one’s body and health, but why?

In order to maintain a fit and strong spine, it begins with posture. If you have poor posture, structures in the spine such as disks, joints, blood vessels, and nerves can over time effect the anatomical position of the spine which can cause bouts of stress, and strain to muscles. A good habit of proper posture can eliminate possible harm to the spinal curvature and reduce any forthcoming muscle pain and tiredness.




For the average person who alternates between walking (legs at 180° relative to the spine) and sitting (legs at 90° relative to spine) in the course of a day, the legs rarely ever move beyond the 90° point (i.e. closer to the rib cage). This means that a huge portion of our potential hip and lower back mobility is never used. Our joints and muscles operate on a “move it or lose it” basis, meaning that they will slowly tighten and restrict range-of-motion over time when full joint range-of-motion isn’t used regularly.



Good Fair Bad Very Bad

So why should you care if you lose mobility in some of your joints? Simple - our bodies feel better when they're able to move naturally. Tight hips and low-back changes the way you walk and move in-general. Beyond that, loss of joint mobility is a slow and continual process. Even if your lack of mobility doesn't bother you now, it most certainly will down the road when the problem compounds after years of neglect.

The average human head weighs 10 pounds in a neutral position -- when your ears are over your shoulders. For every inch you tilt your head forward, the pressure on your spine doubles. So if you're looking at a smartphone in your lap, your neck is holding up what feels like 20 or 30 pounds. All that extra pressure puts a strain on your spine and can pull it out of alignment.



Proper posture also says a lot about your character. We are constantly sending messages to others through our mannerisms and other body related movements. So by improving your posture, you will be exuding more confident, healthy, and happy vibes. ◆

FORTHCOMING EVENTS

15 March 2015

Param Gyan Sabha, Mumbai

20 to 22 March 2015

Newspaper Collection Group, Shibir (Not open for all), Rajnagar, Parli

27 to 31 March 2015

Progressive Shibir – "Karta Bhokta Ni, Samajan," Rajnagar, Parli

05 April 2015

Param Gyan Sabha, Mumbai

17 to 21 April 2015

Pratishtha – Panchanhika Mahotsav, Shrimad Rajchandra Mandir, Kolkata

24 to 26 April 2015

Beginners cum Progressive "Shibir, Vichaar Disha, Thi Vichaar Dasha", Rajnagar, Parli

01 to 05 May 2015

Sadhna Shibir, Rajnagar, Parli

10 May 2015

Param Gyan Sabha, Mumbai

29 to 31 May 2015

Spiritual Workshop – "Satpurusho Nu Antar Charitra", Rajnagar, Parli

---

Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am.
Om Shree Prem Acharayaji's Satsang is available live on **www.rajchandrakp.org**

PUBLISHED BY : Spiritual Impressions Private Limited
108-109, Runwal Commercial Complex, L.B.S. Marg,
Opp. Nirmal Life Style, Mulund (W), Mumbai - 400080.

PRINTED AT : Jayant Printery
352/54, Girgaum Road, Murlidhar Compd.,
Near Thakurdwar PO, Mumbai - 400002.

EDITOR : Dr. Meena Goshar.

From Us... to You

- Current subscription amount is Rs. 300/-, valid for 6 bi-monthly issues (subject to change without notice). Subscription (new or renewal)
- Amount may be deposited by cheque in any branch of HDFC Bank, for credit of 'Spiritual Impressions Pvt.Ltd.' having Current A/c. no. 01432320011590 with Crawford Market, Mumbai
- Branch and payment details, with CORECT AND COMPLETE address, contact number and email id of subscriber, emailed to info@simpl.in to get an acknowledgement.Please allow 2 weeks for processing.
- Ananya Parivartan can be a wonderful gift and we will deliver the first issue to the recipient with a nice (personalized, if you so want) messageon your behalf. Simply, deposit the subscriptions in bank and email details of all recipients to info@simpl.in and let us do the rest.
- Timely delivery is 100% dependent on CORECT AND COMPLETE address. Please carefully check address label on the envelope in which you receive an issue and email required corrections/ additions to info@simpl.in
- Please register your email with us to get intimation of each dispatch as well as a timely reminder, when renewal becomes due so that you do not miss any issue.
- All despatch/ delivery/ subscription related may be emailed to info@simpl.in
- Articles/ contributions for publication in Ananya Parivartan may be sent to - **SANJIV RAWELL** - srrawellco@yahoo.co.in / **MEENA GOSHAR** - mgoshar@yahoo.com

For Subscription and Other Details Contact

Ahmedabad	Ashitbhai Sanghavi	08000323456	ashitsanghvi@live.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kiranjs@yahoo.com
Chennai	Chandaben Doshi	044 32974779	daksha_cal@yahoo.com
Delhi	Keatanbhai Shah	09958916680	keatan.shah@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Virchandji Lalwani	040 66782005	sandeep78_v@yahoo.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	sonacreation_jbp@yahoo.co.in
Jamshedpur	Dilipbhai Gandhi	09334048224	bhavingandhi85@hotmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 25900121	info@simpl.in
Pune	Rajen Hemani	09819222403	rajen.hemani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.com

REQUIRED

FOR

ANANYA PARIVARTAN

EDITOR / ASST. EDITOR

Work Profile:

- Proficiency in reading & writing Gujarati, Hindi & English languages
- Basic Computing Skills of emails, surfing the Internet etc.
- Sound Understanding of Vitraag Vigyaan Principles
- Willing to work dedicatedly

Growth Prospects:

- Opportunity to experiment & implement new ideas, columns, features etc.
- Over a period of time, Candidate will get an opportunity to handle the entire Editorial content of the magazine

ઉત્તમ દાન – 'જ્ઞાનદાન'

પૂણ્યની કમાણી અને ઉત્તમ દાન -'જ્ઞાનદાન'નો લાભ અવશ્ય લેવા જેવો છે

કહેવાય છે કે જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. વર્ષગાંઠ, લગ્નદિન, પુણ્યતિથિ વિગેરે પ્રસંગો જ્ઞાનદાન માત્રથી સાચી રીતે યાદગાર બની રહે છે. જ્ઞાનદાનના હેતુએ 'અનન્ય પરિવર્તન'ના એક અંકની sponsorship ₹ ૪૧,૦૦૦/- તથા વાર્ષિક (૬ અંકની) ₹ ૨,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. એક અથવા વધુ અંકના sponsor નો સંદેશ, photo સાથે sponsored અંકમાં આપવામાં આવશે. કોઈપણ અંકના પ્રકાશન પેટે આથી ઓછી રકમના મળેલ જ્ઞાનદાનની સ્વીકૃતિ તે અંકમાં જણાવવામાં આવશે. આ સિવાય advertisement દ્વારા પણ જ્ઞાનદાનનો લાભ ઉપલબ્ધ છે. તેના દરો નીચે મુજબ રહેશે.

Sponsorship Contact

સંજીવ રાવલ - 09820186548
ડૉ. મીના ગોશર - 09819317038
પ્રતિભા છેડા - 09324715450

Sponsorship ના Rates આ પ્રમાણે છે

Back Cover	₹ 11,000/-
Inside Front Cover	₹ 7,500/-
Inside Back Cover	₹ 6,000/-
Colour Page	₹ 5,000/-



મેરા યોગદાન - ગૌરવ







વેલેન્ટાઈન શિબિર - જમશેદપુર
આધ્યાત્મિક ઉજવણી







